# આત્મધર્મ

## વર્ષ ૨૫

## સળંગ અંક ૨૯૬

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

રજતજયંતિનું વર્ષ

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૬

## આદર્શ પુત્ર અને આદર્શ માતા

**પુત્ર કહે છે–**

હે માતા! નિજાનંદનો પ્યાસી મારો આત્મા હવે આ સંસારની દુઃખવેદનાથી ત્રાસ પામ્યો છે...ચૈતન્યસુખ સિવાય બીજે કયાંય ચેન નથી....આત્માના આનંદમાં જ ચિત્ત ચોંટયું છે...એના સિવાય કયાંય મારું ચિત્ત ચોંટતું નથી...બહારના નિઃસાર ભાવો અનંતકાળ કર્યા હવે ત્યાંથી હટીને મારું પરિણમન અંદર ઢળે છે...અંદર જ્યાં મારો આનંદ ભર્યો છે ત્યાં હું જાઉ છું...તે માટે હે માતા! આશીર્વાદ સહિત રજા આપ.

**માતા કહે છે–**

હે પુત્ર! જે તારો માર્ગ છે તે જ મારો પણ માર્ગ છે. તારો આત્મા ભવદુઃખથી છૂટે ને આત્મીક સુખ પામે એના જેવું ઉત્તમ શું? માતા હોંશથી પોતાના પુત્રને સુખપ્રાપ્તિના આશીષ આપે છે.

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી – સંપાદક : બ્ર.હરિલાલ જૈન
વીર સં.૨૪૯૪ જેઠ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૮

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## દરેક ગામના મુમુક્ષુઓએ ધ્યાનમાં લેવા જેવું

પૂ. ગુરુદેવના પ્રતાપે ઠેરઠેર ગામેગામ ધાર્મિક પ્રભાવના થઈ રહી છે, જિનમંદિરો પણ ઘણે ઠેકાણે થઈ ગયા છે ને વીતરાગ ભગવાનના દર્શન–પૂજનનો લાભ સેંકડો–હજારો જિજ્ઞાસુઓ લઈ રહ્યા છે. બાળકો પણ મોટી સંખ્યામાં ઉત્સાહથી ભાગ લ્યે છે. ગુરુદેવ સાથે હાલના પ્રવાસમાં ઠેરઠેર આવું ઉત્સાહભર્યું વાતાવરણ જોયું.

–પણ એક વસ્તુની અધુરાશ મનમાં ખટકે તેવી છે...બાળકોને ધર્મના અભ્યાસ માટે નિયમિત પાઠશાળા સૌરાષ્ટ્રમાં લગભગ કયાંય પણ જોવામાં આવતી નથી. નિયમિત પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ તે બાળકોને માટે અતિશય જરૂરી છે; તેનાથી સમાજમાં ઘણી જાગૃતિ રહે છે....ને ઘરમાં ધર્મનું વાતાવરણ રહે છે...બાળકોમાં નાનપણથી જ ધર્મસંસ્કારોનું સીંચન થાય છે. કેટલાક શહેરોમાં તો પચાસ કે ૧૦૦ થી પણ વધુ બાળકો ઉત્સાહથી ધર્મ અભ્યાસ માટે તૈયાર હોવા છતાં પાઠશાળાની કોઈ વ્યવસ્થા નથી. ગામેગામના આગેવાનબંધુઓ આ જરૂરીયાતનો ગંભીરતાથી વિચાર કરીને વહેલામાં વહેલી તકે પાઠશાળાનું મંગલમૂરત કરે એ અત્યંત જરૂરી છે. શિક્ષક નથી મળતા એવું બહાનું ન કાઢતાં, ગામમાંથી જ વિશેષ અભ્યાસી ભાઈઓએ પાઠશાળાનું કાર્ય ઉપાડી લેવું જોઈએ. જ્યાં જ્યાં પાઠશાળા ચાલતી હોય ત્યાંની પ્રવૃત્તિના સમાચાર જણાવશો. જ્યાં નિયમિત પાઠશાળા ચાલતી હોય ત્યાંના સમાચાર અને પાઠશાળામાં ભણતા બધા વિદ્યાર્થીઓનાં નામ અમને મળશે તો તે અમે આત્મધર્મમાં પ્રગટ કરીશું.

બાલબંધુઓ! તમારા ગામમાં પાઠશાળા ન ચાલતી હોય તો તમારા વડીલોને તથા કાર્યકરોને તે માટે પ્રેરણા કરો...કે અમને ધર્મનું ભણતર ભણાવો. લૌકિક ભણતર કરતાં ધર્મનું ભણતર અમારે વધું જરૂરનું છે.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૪ જેઠ

વર્ષ: ૨૫: અંક ૮

# નિજપદને સંભાળ

શ્રી ગુરુ સમજાવે છે કે રે ચૈતન્ય! તું તારા નિજપદને ભૂલીને રાગાદિ પરપદમાં લીન થઈને સૂતો છે, તેથી તને ધર્મ થતો નથી. આત્મામાં સર્વજ્ઞશક્તિ છે; તે સર્વજ્ઞતા જેમણે પ્રગટ કરી તેમની સહજ વાણીમાં એવો ઉપદેશ આવ્યો કે આત્મામાં અનંત આનંદ છે. શેનો હશે એ આનંદ? –કોઇ બાહ્ય વસ્તુનો એ આનંદ નથી, રાગનો કે શરીરનો એ આનંદ નથી, એ તો બધા પરપદ છે; તેમનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ નિજપદ છે, તે નિજપદના અનુભવનો પરમ આનંદ છે. આવા નિજપદને જેઓ જાણતા નથી ને રાગાદિને જ દેખે છે તેને સન્તો આંધળા કહે છે. અરે ચૈતન્યદેવ! તું તો જગતનો મહાન પદાર્થ, રાગાદિ અશુદ્ધતામાં તારું પદ નથી. અનાદિથી તારા શુદ્ધ સ્વરૂપને ભૂલીને જે રાગાદિ અશુદ્ધભાવોરૂપે જ તું પોતાને અનુભવી રહ્યો છે તે તારું નિજપદ નથી પણ અપદ છે– અપદ છે, એમ તું જાણ, ને નિજપદને સંભાળ.

( ચોટીલા –પ્રવચનમાંથી )



# મોક્ષના અને બંધના કારણની ઓળખાણ

## જ્ઞાન અને રાગ વચ્ચેનું ભેદજ્ઞાન

સમયસાર કળશ ૧૬૫–૬૬–૬૭ ઉપરના પ્રવચનોમાંથી

( સોનગઢ : વૈશાખ વદ એકમથી ચોથ )

**જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિની સાચી ઓળખાણ થતાં જીવને મોક્ષમાર્ગનું તથા બંધમાર્ગનું ખરૂં સ્વરૂપ સમજાય છે. બંધનું કારણ શું છે ને મોક્ષનું કારણ શું છે-તેની ઓળખાણમાં જીવની ભૂલ છે, તેથી બંધથી છૂટવાનો ને મોક્ષને સાધવાનો સાચો ઉપાય પણ તે કરતો નથી. જ્ઞાની પોતાની કેવી પરિણતિ વડે મોક્ષને સાધી રહ્યા છે ને અજ્ઞાની કેવી પરિણતિને કારણે બંધાય છે-તે અહીં સમજાવ્યું છે. તે સમજીને બંધના કારણરૂપ અશુદ્ધતા છોડવી અને મોક્ષના કારણરૂપ શુદ્ધપરિણતિ પ્રગટ કરવી-તે મોક્ષાર્થીનું પ્રયોજન છે.**

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધવસ્તુ છે; તેમાં ઉપયોગની એકતાવડે જે અનુભવનશીલ થયો છે, રાગાદિથી ભિન્ન શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જે પરિણમ્યો છે એવા ધર્માત્માને બંધન થતું નથી. બંધનું કારણ બાહ્ય સામગ્રી નથી, પણ ઉપયોગની અશુદ્ધતા એટલે કે રાગાદિ સાથે એકતા તે જ બંધનું કારણ છે.

ધર્મી જીવ પોતાના ઉપયોગને રાગ સાથે ભેળસેળ કર્યા વગર શુદ્ધ આત્માના આનંદનો અનુભવ કરવામાં ઉપયોગને જોડે છે. જડ પદાર્થો જુદા છે, તેને તો કોઈ જીવ અનુભવતો નથી; અજ્ઞાની રાગના અનુભવમાં ઉપયોગને જોડે છે તે અધર્મ અને બંધનું કારણ છે. જ્ઞાની રાગથી ભિન્ન ઉપયોગને શુદ્ધપણે અનુભવે છે તે ધર્મ છે ને તે મોક્ષનું કારણ છે.

ધર્મીનો ઉપયોગ રાગથી ભિન્ન છે એટલે તેને વિભાવ પરિણમન નથી, તે પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ થયો છે. રાગ અને ચેતના બંનેનું સ્વરૂપ ભિન્ન છે; તેના ભિન્ન સ્વરૂપને જે નથી ઓળખતો ને એકમેક અનુભવે છે તે અશુદ્ધપરિણમનને લીધે નવા કર્મોથી બંધાય છે. અને જ્યાં લક્ષણભેદ વડે ઉપયોગને રાગથી તદ્દન જુદો જાણ્યો ત્યાં રાગ વગરના શુદ્ધભાવપણે જ પોતાને અનુભવે છે, તે સમ્યગ્દર્શન છે, તે શુદ્ધપરિણતિ છે; અને શુદ્ધપરિણમનને લીધે તેને બંધન થતું નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગાદિને પરજ્ઞેય જાણે છે; તે ઉપયોગને સ્વ જાણે છે, ને રાગાદિને પર જાણે છે. રાગથી ભિન્ન જ્ઞાનચેતના પરિણમી, તે જ્ઞાનચેતનામાં ધર્મીને અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. તે અનુભવમાં શુભવિકલ્પનોય પ્રવેશ નથી. આવી શુદ્ધપરિણતિ તે જ મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ બહારમાં બીજે કયાંય નથી. એ જ રીતે બંધનું કારણ પણ બહારમાં બીજું કોઈ નથી, જીવની અશુદ્ધપરિણતિ જ બંધનું કારણ છે.

ભાઈ! તારું સુખ ને તારો આનંદ તો તારામાં હોય કે બહાર? જેમ મીઠા પાણીના દરિયામાં રહેતું માછલું તરસથી તરફડે ને બીજા પાસે પાણી માંગે–તે આશ્ચર્ય છે! ભાઈ, તું પોતે પાણીમાં જ રહેલું છે...એ પાણી પી લેને! બીજે કયાં શોધે છે? તેમ અજ્ઞાની સુખ અને ધર્મ બહારના સાધનમાં શોધે છે. પોતે જ આનંદના દરિયાથી ભરપૂર છે, તેને ભૂલીને સુખ માટે બહારમાં ઝાંવા નાંખે છે, પણ માછલાના દ્રષ્ટાંતે સન્તો તેને બોધ આપે છે કે ભાઈ! આનંદનો દરિયો તો તારામાં જ ભર્યો છે, તેમાં ડુબકી મારીને એકાગ્ર થા....તો તને આનંદનો અનુભવ થશે. બહારમાં કયાંય તારો આનંદ નથી. તારા અનંત ધર્મો તારામાં ભર્યા છે, તે બહારમાં કયાંય નથી; માટે બહાર ન શોધ. તારામાં જ જો.

જેમ બહારની ચીજ જીવને ધર્મનું કારણ નથી, તેમ બહારની ચીજ જીવને બંધનું કારણ પણ નથી. મન–વચન–કાયા, ચેતન–અચેતન બાહ્ય પદાર્થો તે બંધનાં કારણ નથી; જો તે બંધના કારણ હોય તો તો રાગ વગરના જીવનેય બંધન થાય. બંધનું કારણ તો ઉપયોગમાં રાગની ભેળસેળરૂપ અશુદ્ધપરિણતિ જ છે, બીજું કોઈ નહિ. ધર્મીજીવે પોતાના ઉપયોગમાં વીતરાગી સ્વભાવને જ અપનાવ્યો છે, રાગને જુદો જાણ્યો છે, એટલે ઉપયોગમાં તેને હિંસા નથી, અશુદ્ધતા નથી; આવો જે શુદ્ધ ઉપયોગ તે જ મોક્ષનું કારણ છે.

જ્યાં રાગ નથી ત્યાં બંધન કેવું? અને જ્યાં રાગ છે ત્યાં બંધનું બીજું કારણ

કેવું? જેનો ઉપયોગ રાગ વગરનો છે તેને બંધન નથી; જેના ઉપયોગમાં રાગની ભેળસેળરૂપ અશુદ્ધતા છે તેને જ બંધન છે. આ સિવાય બંધ-મોક્ષનું બીજું કોઈ કારણ નથી. બીજું કારણ કહ્યું હોય તો તે કથનમાત્ર છે એટલે કે ઉપચાર છે.

શરીરની ક્રિયા જીવને મોક્ષનું કારણ થાય-એ તો જડ-ચેતનની એકતાબુદ્ધિરૂપ સ્થૂળ મોટી ભૂલ છે. અંદર શુભવિકલ્પરૂપ રાગ તે પણ જીવના ઉપયોગસ્વભાવથી વિરૂદ્ધ છે, તે વિરુદ્ધભાવને મોક્ષનું સાધન માનવું તે પણ ભૂલ છે. ઉપયોગ રાગથી ભિન્ન થઈને પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમે તે જ મોક્ષનું કારણ છે. સમ્યગ્દ્રષ્ટિને આવી પરિણતિ થઇ-તેમાંથી અશુદ્ધતા ચાલી ગઈ, -તો હવે તેને બંધન કેમ થાય? માટે ધર્મીને ચોક્કસપણે બંધન થતું નથી. અહો, સમ્યગ્દ્રષ્ટિની શુદ્ધતાનો આ મહિમા છે કે કોઈ પણ કારણથી તેને બંધન થતું જ નથી. ઉપયોગભૂમિ જ રાગ વગરની શુદ્ધ થઈ ગઈ પછી તેમાં બંધનનો અવકાશ જ કયાં છે? આવા ધર્મીની ઓળખાણ જગતને બહુ દુર્લભ છે.

શુદ્ધસ્વરૂપ શું છે તેને અનુભવે નહિ, રાગમાં એકત્વબુદ્ધિ છોડે નહિ ને અશુદ્ધભાવોમાં જ વર્તે-તેને તો જરૂર બંધન થાય છે. 'અમને બંધન થતું નથી' એમ કહીને સ્વચ્છંદે વિષયોમાં-કષાયોમાં વર્તે એને તો મિથ્યાત્વની તીવ્રતા છે. ભાઈ, જ્ઞાનભાવ પ્રગટે તેમાં તો રાગનો અભાવ હોય. જ્ઞાનભાવ પ્રગટે ને રાગની રુચિનો ભાવ પણ રહે-એ તો વિરુદ્ધ છે.

અનંત ગુણની શુદ્ધતાથી પરિપૂર્ણ આત્મા જેવી દ્રષ્ટિમાં ને અનુભવમાં આવ્યો તે રાગાદિ બંધભાવોમાં પ્રેમ કેમ કરે? જ્ઞાન પ્રગટયું તેમાં રાગનું કર્તૃત્વ કેમ રહે? ચૈતન્યના પ્રકાશમાં રાગરૂપ અંધકાર કેમ હોય? જ્ઞાનીને જે બાહ્યક્રિયા ને રાગાદિ દેખાય છે તેમાં કયાંય આત્મબુદ્ધિ નથી, એટલે તેમાં કયાંય કર્તૃત્વ નથી, જ્ઞાનભાવનું જ કર્તૃત્વ છે; ને જ્ઞાનભાવ તો બંધનું કારણ કેમ થાય? માટે જ્ઞાનીને બંધન નથી એમ કહ્યું છે. પણ જ્ઞાનભાવને જાણે નહિ ને કષાયભાવોમાં જ વર્તે-બાહ્યસામગ્રીમાં રુચિપૂર્વક સુખ માનીને વર્તે તેને તો તેના અજ્ઞાનભાવથી જરૂર બંધન થાય છે.

ગણધરદેવે કાંઈ એમ નથી કહ્યું કે જીવ ગમે તેમ સ્વચ્છંદ ભાવે પ્રવર્તે તોપણ તેને બંધન થતું નથી. પ્રમોદથી ભરેલી નિરંકુશ પ્રવૃત્તિ તો બંધનું જ કારણ છે. જ્ઞાની તો બધા પરભાવોથી જુદો પડીને જ્ઞાનભાવરૂપ થયો છે તે જ્ઞાનભાવને લીધે જ તેને અબંધપણું છે. વસ્તુનું સ્વરૂપ તો આવું છે કે શુદ્ધસ્વરૂપના અનુભવને લીધે જ્ઞાનીને બંધન થતું નથી, ને રાગાદિ અશુદ્ધપણું તો બંધનું જ કારણ છે.

શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જ્ઞપ્તિક્રિયા; અને રાગને કરવારૂપ કરોતિક્રિયા એ બંને ક્રિયા તો પરસ્પર વિરુદ્ધ છે, તે એક સાથે હોઇ શકતી નથી. જ્ઞાનીને જ્ઞપ્તિક્રિયા જ્ઞાનરૂપ છે તેમાં કરોતિક્રિયાનો અભાવ છે. અજ્ઞાનીને રાગના કર્તૃત્વરૂપ કરોતિક્રિયા છે તેમાં જ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાનો અભાવ છે. જ્ઞપ્તિક્રિયા મોક્ષનું કારણ છે, કરોતિક્રિયા બંધનું કારણ છે. માટે જ્ઞાનીને બંધન નથી ને અજ્ઞાનીને બંધન છે.

ભાઈ, બંધના કારણને તો પ્રેમથી સેવી રહ્યો છો ને કહે છે કે મને બંધન નથી, –એ તો તારો તીવ્ર અજ્ઞાનરૂપ સ્વચ્છંદભાવ છે. અશુદ્ધભાવરૂપ રહેવું ને કહેવું કે મને બંધન નથી, –એને તો મૂઢતાને લીધે પોતાના પરિણામનુંય ભાન નથી. અહા, જ્ઞાનરૂપ થાય એની તો આત્મદશા જ ફરી જાય. એ તો ભગવાનના માર્ગમાં ભળ્યો... શુદ્ધસ્વરૂપની અનુભૂતિમાં શુભવિકલ્પનોય અભાવ છે ત્યાં અશુભની તો શી વાત? જ્યાં રાગની રુચિ છે, બાહ્યસામગ્રીનો અંતરથી પ્રેમ છે ત્યાં તો અશુદ્ધભાવ છે, તે તો બંધનું જ ઠેકાણું છે. શ્રી ગણધરદેવે તો શુદ્ધ સ્વરૂપના અનુભવશીલને અબંધ કહ્યો છે. એનું જ્ઞાન તો રાગાદિથી જાુદું જ પરિણમે છે. રાગથી જાુદું પરિણમતું જ્ઞાન તે તો બંધનું અકારણ જ છે, એટલે કે મોક્ષનું જ કારણ છે.

જ્ઞાની નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાયને જ સ્વજ્ઞેય માને છે, રાગાદિ પરભાવોને સ્વજ્ઞેયમાં નથી માનતા પણ સ્વથી ભિન્ન પરજ્ઞેયપણે જાણે છે. જ્ઞાનનો સ્વભાવ અને રાગનો સ્વભાવ એક નથી પણ જુદો છે. તેમને કર્તા–કર્મપણાનો સંબંધ નથી. અરે, જ્ઞાન અને રાગને પણ જ્યાં કર્તાકર્મપણું નથી ત્યાં જ્ઞાન જડ શરીરાદિનાં કાર્ય કરે એ વાત તો કયાં રહી? જડથી પણ જ્ઞાનની ભિન્નતા જેને ન ભાસે તે રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કયાંથી કરે? ને રાગથી ભિન્ન થયા વિના કર્મબંધન કેમ અટકે?

ધર્મીને જેટલો રાગ છે તેટલું બંધન છે, પણ તે રાગ અને બંધન એ બંનેથી ભિન્ન જ્ઞાનપણે જ તે પોતાને અનુભવે છે; તેથી એવો અનુભવશીલ જ્ઞાનભાવ બંધનું કારણ નથી, માટે જ્ઞાનીને અબંધ કહ્યા છે. અજ્ઞાનીને રાગથી જુદા જ્ઞાનનો કોઈ અનુભવ નથી, તે તો મીઠાસપૂર્વક રાગમાં જ તન્મય વર્તે છે, તે રાગનો કર્તા છે ને તેથી તેને જરૂર બંધન થાય છે. જે રાગનો કરનાર છે તે શુદ્ધસ્વરૂપનો જાણનાર નથી; જે જાણનાર છે તે રાગનો કરનાર નથી. જાણનારને બંધન નથી; રાગના કરનારને બંધન છે. આ રીતે જ્ઞાનભાવ અને રાગનો કર્તાભાવ એ બંને ભાવો એકબીજાથી વિરુદ્ધ છે. તેના દ્વારા જ્ઞાની–

અજ્ઞાનીની ઓળખાણ થાય છે. મોક્ષમાર્ગ અને બંધમાર્ગની પણ ઓળખાણ આમાં આવી જાય છે, જ્ઞાનભાવ તો મોક્ષમાર્ગ છે, ને રાગના કર્તૃત્વરૂપ અજ્ઞાનભાવ તે બંધમાર્ગ છે.

ધર્મીને આત્માના આનંદનો અનુભવ છે. ધર્મી તેને જ કહેવાય કે જે આનંદની પ્રાપ્તિના અને દુઃખના નાશના પંથે ચડેલો છે; આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યારે જીવ ધર્મી થયો. જે એકલા રાગાદિ અશુદ્ધભાવના અનુભવમાં પડેલો છે તે જીવ ધર્મી નથી. ધર્મ તો અપૂર્વ ચીજ છે; ધર્મ તો આનંદમય છે. દુઃખથી છૂટકારાનો ઉપાય જે ધર્મ તે દુઃખરૂપ કેમ હોય ? ધર્મ તો પૂર્ણ આનંદની પ્રાપ્તિનું સાધન છે ને તે પોતે આનંદના અનુભવરૂપ છે. –આવો અનુભવ તે જૈનધર્મ છે આવો અનુભવ કરે તે જૈન છે.

જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મની ઉદયસામગ્રીમાં અભિલાષા કરતો નથી; અને જે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મની વિચિત્ર સામગ્રીને પોતારૂપ જાણીને અભિલાષા કરે છે તે મિથ્યાદ્રષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપ જીવને જાણતો નથી.–

करे करम सोई करतारा, जो जाने सो जाननहारा ।
जो कर्ता नहि जाने सोई, जाने सो करता नहि होई ।।२३।।

મિથ્યાદ્રષ્ટિ જીવને શુદ્ધ આત્મસ્વરૂપનું જાણપણું હોતું નથી, એટલે તે રાગાદિના કર્તાપણામાં અટકેલો છે. ધર્મી જીવ પોતાને શુદ્ધસ્વરૂપે અનુભવતો થકો રાગાદિનો જાણનાર જ રહે છે, કર્તા થતો નથી. માટે જ્ઞાનીને બંધન નથી; અજ્ઞાની જ પોતાને અશુદ્ધપણે અનુભવતો થકો બંધાય છે. રાગના એક અંશને પણ જે પોતાના સ્વરૂપપણે અનુભવે છે તે રાગ વગરના શુદ્ધસ્વરૂપને જરાય જાણતો નથી; અને જે પોતાના શુદ્ધ–જ્ઞાનસ્વરૂપને રાગથી ભિન્નપણે અનુભવે છે તે જ્ઞાતા રાગના એક અંશને પણ પોતાપણે કરતો નથી. રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન ન કરવું તે જ બંધનું કારણ છે. રાગ અને જ્ઞાનની ભિન્નતાના અનુભવ વડે અશુદ્ધતા અટકે છે ને કર્મનો સંવર થાય છે. આ રીતે જ્ઞાનનો અનુભવ જ મોક્ષનું કારણ છે. ઉપયોગ સાથે રાગની એકતારૂપ ચીકણા મિથ્યાત્વ પરિણામ તે જ બંધનું કારણ છે.

વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન તીર્થંકરપણે બિરાજે છે; લગભગ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવ અહીંથી વિદેહમાં પધાર્યા હતા ને દિવ્યધ્વનિનું સીધું શ્રવણ કર્યું હતું; તેમણે આ સમયસારાદિ શાસ્ત્રો રચ્યા છે; આત્માના અનુભવના

નિજવૈભવથી શુદ્ધ આત્માનું સ્વરૂપ તેમણે આ સમયસારમાં દેખાડયું છે, તેની ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે આ કળશ રચ્યા છે. તેમાં અધ્યાત્મના ઊંડા ભાવો ભર્યા છે. અંદરમાં આવા શુદ્ધઆત્માનો અનુભવ થાય ત્યારે જ મોક્ષમાર્ગ છે; અનુભવ વગર મોક્ષમાર્ગ નથી.

શાસ્ત્રના શ્રવણાદિથી અજ્ઞાની ભલે શુદ્ધઆત્માનો વિચાર કરે, પણ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ જાણપણું તેને હોતું નથી. શુદ્ધસ્વરૂપનું જાણપણું થાય તો રાગમાં એકત્વબુદ્ધિ રહે જ નહિ. રાગમાં એકત્વબુદ્ધિથી વર્તે અને શુદ્ધસ્વરૂપનું જાણપણું હોય એમ બને નહિ. અજ્ઞાનીનું જાણપણું તે સાચું નથી. શુદ્ધસ્વરૂપના અનુભવ સહિતનું જ્ઞાન તે જ સાચું જાણપણું છે, ને તે જ મોક્ષનું કારણ થાય છે. –આમ સમજીને તેનો ઉદ્યમ કરવો એવો ઉપદેશ છે.

રાગનો એક નાનો અંશ પણ મારો છે કે મને મોક્ષસાધનમાં મદદગાર છે એવી જેની બુદ્ધિ છે તેને રાગની કર્તૃત્વબુદ્ધિ છે, તેને ગણધરદેવે મિથ્યાત્વ કહ્યું છે. રાગનો અંશ, ભલે તે ઊંચામાં ઊંચો શુભ હોય તોપણ, જ્ઞાનભાવથી તે વિરુદ્ધ છે, મોક્ષમાર્ગથી તેની જાત જુદી છે, તે બંધભાવ છે. તે શુભરાગની જેને પ્રીતિ છે, રાગને જે જ્ઞાનસ્વભાવી આત્માનું કાર્ય માને છે, અને રાગવડે હું પરજીવને બચાવી શકું–સુખી કરી શકું–એમ જે માને છે તેણે પરથી ભિન્ન ને રાગથી ભિન્ન વીતરાગપિંડ આત્માને જાણ્યો નથી. જ્યાં આત્માને શુદ્ધસ્વરૂપે જાણ્યો નથી ત્યાં જ્ઞાન કે ચારિત્ર કાંઈ સાચું હોતું નથી. ભાઈ! આત્મા તો જ્ઞાનતત્ત્વ છે, આત્મા તો આનંદતત્ત્વ છે, રાગ કે આકુળતા તે કાંઈ આત્માનું ખરૂં તત્ત્વ નથી, એ તો બંધતત્ત્વ છે. આત્મા તો અબંધ છે, મુક્તસ્વરૂપ છે. આવા આત્માને રાગવાળો અનુભવ્યો તેથી જીવ સંસારમાં રખડયો. શુભરાગનો જેને પ્રેમ છે તેને બંધભાવનો પ્રેમ છે, સંસારનો પ્રેમ છે, તેને મોક્ષમાર્ગનો પ્રેમ નથી. શુભરાગ પણ કરવો છે ને મોક્ષ પણ કરવો છે–એમ બંને સાથે હોઈ શકે નહિ, કેમકે બંનેની જાત જુદી છે.

અજ્ઞાની જીવ અજ્ઞાનથી ભલે એમ માને કે હું પરને જીવાડી દઉં કે મારું, અથવા સુખ–દુઃખ આપું; પણ તેની માન્યતાની હદ કેટલી? કે પોતામાં તેવું અજ્ઞાન કરે તેટલી જ તેની મર્યાદા છે, પરમાં તો કાંઈ તે કરી શકતો નથી. જીવાડવાની શુભ ઈચ્છા હોવા છતાં સામો જીવ મરી પણ જાય છે, સુખી કરવાની શુભઇચ્છા હોવા છતાં સામો જીવ દુઃખી પણ થાય છે; એ જ પ્રમાણે સામાને મારવાની કે

દુઃખ દેવાની પાપઇચ્છા હોવા છતાં સામો જીવ મરતો નથી કે દુઃખી થતો નથી. આ રીતે પરમાં આત્માનું અકર્તાપણું હોવા છતાં જે અજ્ઞાનથી કર્તાપણું માને છે તે જીવને જ્ઞાનક્રિયા કદી હોતી નથી એટલે કે ધર્મ હોતો નથી. એવી જ રીતે અંતરમાં શુભરાગ તે મોક્ષસાધન ન હોવા છતાં તેને જે મોક્ષનું સાધન માને છે તે પણ રાગમાં એકત્વબુદ્ધિવાળો અજ્ઞાની છે, રાગથી જુદો પડીને મોક્ષમાર્ગમાં તે આવતો નથી, એટલે તેને પણ ધર્મ થતો નથી.

સમ્યગ્દ્રષ્ટિનેય શુભ–અશુભ રાગ હોય છે પણ તે પોતાના જ્ઞાનભાવથી રાગને ભિન્ન જાણે છે; તેમજ તે રાગવડે પરના કામ હું કરી દઉં એમ તે માનતા નથી. આ રીતે રાગને રાગપણે જ જાણે છે, ને પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપને તે રાગથી ભિન્નપણે જ અનુભવે છે, એટલે રાગ વખતે ભેદજ્ઞાન તેને વર્તે છે. આવું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે. આવી જ્ઞાનપરિણતિદ્વારા જ્ઞાનીને ઓળખવા તે સાચી ઓળખાણ છે.

## અમને વહાલી ગુરુજીની વાણી

**પ્રવાસ દરમિયાન બે મુમુક્ષુઓ મળ્યા....ગુરુદેવ પ્રત્યે ભક્તિ-પ્રમોદ વ્યક્ત કરીને પછી તેમણે કહ્યું-સોનગઢ ઓછા આવી શકીએ છીએ પણ નિયમિત 'આત્મધર્મ' વાંચીને આનંદિત થઈએ છીએ...આત્મધર્મ આવતાં વેંત પહેલું કામ તે વાંચવાનું કરીએ છીએ. કોઈવાર જમવા બેસવાની તૈયારી હોય, થાળી પીરસાઈ ગઈ હોય, એવામાં જો પોસ્ટમેન 'આત્મધર્મ', આપી જાય, તો જમવાની થાળી ઢાંકીને પહેલાં 'આત્મધર્મ' જોઈ લઈએ. ( મારા ભોજનીયા અટકી જાય ) -એવો પ્રમોદ 'આત્મધર્મ' વાંચીને થાય છે. આ રીતે ઠેરઠેર સેંકડો જિજ્ઞાસુ ભાઈ-બહેનો 'આત્મધર્મ' પ્રત્યે પોતાનો હાર્દિક પ્રેમ વ્યક્ત કરતા હતા. ખરેખર, ગુરુદેવની વાણી દ્વારા વીતરાગરસનું પાન કરવું કોને ન ગમે ? પોતાના જ સ્વરૂપની વાત સાંભળીને કોને આનંદ ન થાય ? સોનગઢમાં બેઠા બેઠા પણ ગુરુદેવની વાણી ભારતના હજારો જિજ્ઞાસુઓ ઉપર મોટો ઉપકાર કરી રહી છે.**

# અનેકાન્તવડે અર્હન્તદેવે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરાવ્યો છે

( સમયસાર–પરિશિષ્ટમાં અનેકાન્તના ૧૪ બોલ ઉપરના પ્રવચનનો સારઃ )
( સોનગઢ : વૈશાખ સુદ ૧૫ થી વૈ. વદ ૩ )

**‘અનેકાન્ત’ કે જે અરિહંતદેવના શાસનનો પ્રાણ છે, તે અનેકાન્ત વડે અર્હંત ભગવાને જ્ઞાનસ્વભાવી આત્મા દેખાડયો છે; જ્ઞાનસ્વભાવી આત્માની પ્રાપ્તિ-અનુભૂતિ તે અનેકાન્તનું ફળ છે, તે જ સર્વજ્ઞશાસનનું રહસ્ય છે. -એ વાત અહીં ગુરુદેવે સમજાવી છે.**

અનેકાન્તવડે જ્ઞાનમાત્ર આત્મવસ્તુ પ્રસિદ્ધ થાય છે; સર્વજ્ઞ ભગવાને અનેકાન્તવડે જ્ઞાનમાત્ર આત્મા દેખાડયો છે–તેનું આ વર્ણન છે.

આ વિશ્વ છે તે સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલું છે. તેમાં સર્વ ભાવો પોતપોતાના સ્વભાવથી અદ્વૈત છે, છતાં દ્વૈતનો એટલે અન્ય વસ્તુનો નિષેધ કરવો તે અશકય છે. જેમ જીવ જગતમાં સ્વતંત્ર છે તેમ અજીવ પણ સ્વતંત્ર છે. તેમાં જીવ પોતાના જીવસ્વરૂપે છે ને અજીવસ્વરૂપે નથી–એ રીતે દરેક પદાર્થને સ્વરૂપમાં પ્રવૃત્તિ છે ને પરરૂપથી વ્યાવૃત્તિ છે. –આમ દરેક વસ્તુને અસ્તિ–નાસ્તિરૂપ અનેકાન્તપણું છે તે સર્વજ્ઞદેવે પ્રકાશ્યું છે.

જ્યાં જીવ અને અજીવને અત્યંત ભિન્નતા છે, બંનેની એકતાનો નિષેધ છે એટલે એકની બીજામાં પ્રવૃત્તિ નથી, ત્યાં કોઈ એકબીજાનું કાર્ય કરે એમ બનતું નથી. છતાં જીવ અજીવમાં કાંઈ કરે કે અજીવથી જીવમાં કાંઈ જ્ઞાનાદિ થાય એમ માને તેને સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે. એ જ રીતે જ્ઞાનને અને રાગને પણ એકબીજામાં નાસ્તિપણું છે, એટલે રાગ કરતાં કરતાં જ્ઞાનભાવ પ્રગટે કે રાગ તે મોક્ષમાર્ગનું સાધન થાય એમ માનવું તે પણ સ્વભાવ અને પરભાવની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

વસ્તુનો સ્વભાવ ભિન્ન–ભિન્ન હોવા છતાં અજ્ઞાની પોતાના ભિન્ન જ્ઞાનને અનુભવતો નથી, સંયોગ સાથે એકતાબુદ્ધિથી દેખનારા જીવો પોતાના સ્વભાવની સ્વતંત્રતાને દેખી શકતા નથી. ચશ્મા જડ છે, જ્ઞાન જીવનો ભાવ છે; ત્યાં ચશ્માના સંયોગને જોનાર, અને સંયોગથી ભિન્ન પોતાના જ્ઞાનને જે દેખતો નથી તે જડ–ચેતનની એકત્વબુદ્ધિથી એમ માને છે કે ચશ્માથી જ્ઞાન થયું. ભાઈ! ચશ્માના સંયોગ વખતેય જ્ઞાનનું પરિણમન ચશ્માને કારણે નહિ પણ પોતાના સ્વભાવથી જ છે. –આવી સ્વતંત્રતાને સર્વજ્ઞભગવાને અનેકાન્તવડે પ્રસિદ્ધ કરી છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે; તે જ્ઞાન પોતાના સ્વભાવથી જ પરિણમતું થકું જગતના સર્વ જ્ઞેયોને જાણે છે. આ રીતે જ્ઞાનને પર સાથે જ્ઞાતા–જ્ઞેયપણું છે. પણ બંનેનું પરિણમન ભિન્ન છે. જ્ઞાન–જ્ઞાનરૂપે રહે છે, જ્ઞેયોજ્ઞેયરૂપે રહે છે. જ્ઞાન કાંઈ જ્ઞેયોને જાણતાં તેની સાથે એકમેક થઈ જતું નથી. પણ અજ્ઞાની જાણે કે હું જ્ઞેયરૂપ થઈ ગયો –એમ માને છે, તેને અનેકાન્તની ખબર નથી. પરજ્ઞેયને લીધે જ્ઞાન થાય એમ જે માને તેને પણ અનેકાન્તની ખબર નથી, તેણે જ્ઞાનને પરજ્ઞેય સાથે એકમેક માન્યું છે, તે અજ્ઞાની છે. સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ એકાન્તવડે અજ્ઞાની જ્યારે નાશ પામે છે (એટલે કે પોતાના ભિન્ન જ્ઞાનને ભૂલી જાય છે) ત્યારે અનેકાન્ત તેને જ્ઞેયોથી ભિન્નતા બતાવીને જ્ઞાનનો અનુભવ કરાવે છે. આવો અનુભવ કરવો તે અનેકાન્તનું ફળ છે.

પરજ્ઞેયોને જાણતાં અજ્ઞાની એમ માને છે કે તેને લીધે જ જ્ઞાન થાય છે; પણ જ્ઞેયથી ભિન્નપણે જ્ઞાનનું સ્વાધીન અસ્તિત્વ છે, –આવા પોતાના સ્વાધીન અસ્તિત્વને જાણ્યા વગર ધર્મ થાય નહિ. અનેકાન્તના ૧૪ બોલ દ્વારા અહીં જ્ઞાનનું સ્વાધીન અસ્તિત્વ સમજાવ્યું છે.

જ્ઞાનસ્વભાવી આત્મા દ્રવ્યપણે એક છે, પણ પર્યાયમાં અનેક જ્ઞેયોને જાણવારૂપ અનેકાકારપણું છે. અનેકજ્ઞેયોને જાણવું તે તો જ્ઞાનનું સામર્થ્ય છે, તે કાંઈ દોષ નથી. અનેક જ્ઞેયોને જાણતાં જ્ઞાન પણ ખંડખંડરૂપ થઈ ગયું એમ અજ્ઞાનીને ભ્રમ થાય છે, ત્યાં દ્રવ્યસ્વભાવથી જ્ઞાનનું એકરૂપપણું બતાવીને અનેકાન્ત તે ભ્રમ મટાડે છે. એ જ રીતે સર્વથા એકપણું માનીને પર્યાયના સામર્થ્યને ન જાણે તો તેને પર્યાયઅપેક્ષાએ અનેકપણું બતાવીને અનેકાન્ત તેનો ભ્રમ મટાડે છે.

મારી પર્યાયમાં ઘણા જ્ઞેયો જણાય છે તેથી અનેકપણું છે માટે તે અનેકપણું મટાડવા પરજ્ઞેયોના જ્ઞાનને કાઢી નાંખું–એમ અજ્ઞાની પોતાની જ્ઞાનપર્યાયને જ છોડી દેવા માંગે છે. પણ ભાઈ! પરચીજ જણાય તે તો તારા જ્ઞાનનું સામર્થ્ય છે. એકપણું તથા અનેકપણું બંને તારા જ્ઞાનમાં રહેલા છે, તેને કાઢી નાંખતાં જ્ઞાન જ નહિ રહે. પોતાના સ્વભાવના આશ્રયે જ્ઞાન જ અનેક નિર્મળપર્યાયોરૂપે પરિણમે છે.

જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે; તેમાં ચેતન પણ જણાય ને જડ પણ જણાય, સિદ્ધ પણ જણાય ને સંસારી પણ જણાય, શુદ્ધતા પણ જણાય ને રાગ પણ જણાય, ત્યાં જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહે છે, જ્ઞાન કાંઈ જડરૂપ કે રાગરૂપ થતું નથી. વળી વિવિધ પ્રકારનું જ્ઞાન થાય એટલે જ્ઞાન પર્યાયમાં પણ તેવી વિવિધતા થાય છતાં જ્ઞાનમાં દ્રવ્ય–સ્વભાવથી એકપણું કદી છૂટી જતું નથી. વિશેષ જ્ઞાન વખતેય સામાન્ય જ્ઞાનસ્વભાવ ધર્મીની પ્રતીતમાં વર્તે છે, એટલે પર્યાયભેદથી હું સર્વથા ભેદરૂપ થઈ ગયો એવો ભ્રમ એને થતો નથી.

આ જ્ઞાતાદ્રવ્ય પોતાના સ્વભાવથી સર્વ જ્ઞેયોને જાણે છે; ત્યાં અજ્ઞાની પરદ્રવ્યને લીધે જ જ્ઞાનનું અસ્તિત્વ માને છે, આ પરદ્રવ્ય છે તો તેનું જ્ઞાન થાય છે–એમ બંનેને એકપણે અજ્ઞાની માને છે; પણ જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનથી છે ને પરનું અસ્તિત્વ જ્ઞાનમાં નથી–એમ સ્વદ્રવ્ય–પરદ્રવ્યની ભિન્નતાને અનેકાન્તવડે સર્વજ્ઞદેવે પ્રસિદ્ધ કરી છે.

આત્માનું જ્ઞાન આત્મપ્રમાણ સ્વક્ષેત્રમાં જ છે; પરક્ષેત્રમાં તે જતું નથી, ને પરક્ષેત્ર જ્ઞાનમાં આવતું નથી. પરક્ષેત્રમાં રહેલા પદાર્થોને જાણવા છતાં જ્ઞાન કાંઈ પરક્ષેત્રમાં જતું નથી; સ્વક્ષેત્રમાં રહીને સર્વને જાણી લેવાનું જ્ઞાનનું સામર્થ્ય છે. બહારમાં દૂરના પરક્ષેત્રને જાણતાં હું પણ પરક્ષેત્રમાં ચાલ્યો જઈશ, –માટે પરને જાણવું નહિ–એમ અજ્ઞાની ભ્રમથી માનીને સ્વક્ષેત્રે રહેલા જ્ઞાનાકારોના સામર્થ્યને ભૂલી જાય છે. પરક્ષેત્રથી નાસ્તિરૂપ રહીને, સ્વક્ષેત્રમાં બેઠોબેઠો જ સર્વ લોકાલોકને જાણી લ્યે એવી જ્ઞાનની તાકાત છે. પરક્ષેત્રે રહેલી વસ્તુનો સ્વક્ષેત્રમાં અભાવ છે. પરને જાણે છતાં તેનાથી નાસ્તિપણે ભિન્ન અસ્તિત્વમાં રહે–એવું જ્ઞાનનું સામર્થ્ય છે, તેને અનેકાન્ત પ્રસિદ્ધ કરે છે. અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના જ્ઞાનરૂપે પરિણમે એવી જ્ઞાનની સ્વાધીન તાકાત છે. તીર્થ–સમ્મેદશિખર વગેરે પરક્ષેત્રના કારણે અહીં જ્ઞાન થાય છે એમ નથી, સમ્મેદશિખરમાં તીર્થંકરો–સિદ્ધો વગેરેનું સ્મરણ થાય તે પોતાના કારણે પોતાના સ્વક્ષેત્રના જ અસ્તિત્વમાં થાય છે. સમવસરણાદિ સુક્ષેત્રના કારણે જ્ઞાન થઈ જાય, કે નરકાદિ કુક્ષેત્રના કારણે જ્ઞાન હણાઈ જાય–એમ જે માને છે તે પરક્ષેત્રથી જ્ઞાનનું અસ્તિત્વ માને છે, પરક્ષેત્રથી ભિન્ન જ્ઞાનની તેને ખબર નથી. અનેકાન્ત વડે સર્વજ્ઞદેવ કહે છે કે ભાઈ! જ્ઞાનનું અસ્તિત્વ તારા સ્વક્ષેત્રથી છે, તેમાં પરક્ષેત્રથી નાસ્તિત્વ છે; માટે સ્વાધીન સ્વક્ષેત્રમાં જ્ઞાનનું અસ્તિત્વ જાણીને સ્વસન્મુખ પરિણમવું તે તાત્પર્ય છે.

બહુ દૂરના પદાર્થને જાણવા માટે જ્ઞાનને દૂર જવું પડે એમ નથી; અહીં પોતાના સ્વક્ષેત્રમાં જ રહીને દૂરના પદાર્થોને પણ જાણી લેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. સ્વક્ષેત્રમાં રહેવા માટે પરક્ષેત્રનું જાણપણું છોડી દેવું પડતું નથી, કેમકે પરક્ષેત્રનું જાણપણું તો પોતાની પર્યાયમાં, પોતાના સ્વક્ષેત્રમાં જ છે.

વળી જ્ઞાનનું અસ્તિત્વ પોતાના સ્વકાળથી છે, પરકાળથી તેનું નાસ્તિત્વ છે. પૂર્વે જાણેલા જ્ઞેયનો નાશ થતાં જ્ઞાનનો કાંઈ નાશ થઈ જતો નથી, જ્ઞાન તો પોતાના સ્વકાળના અસ્તિત્વમાં વર્તી રહ્યું છે. સમવસરણમાં બેઠા બેઠા દિવ્યધ્વનિ સાંભળતો હોય ત્યારે દિવ્યધ્વનિના કાળને લીધે અહીં જ્ઞાનનું અસ્તિત્વ છે એમ નથી પણ જ્ઞાનના સ્વકાળથી જ જ્ઞાનનું અસ્તિત્વ છે. ચશ્માના અવલંબને જ્ઞાન થયું ત્યાં કાંઈ ચશ્માના કારણે જ્ઞાનનો સ્વકાળ નથી, ચશ્મામાં તો જ્ઞાનની નાસ્તિ છે. જ્ઞાનની સ્વકાળમાં અસ્તિ છે, સ્વકાળથી જ તે જ્ઞાન થયું છે, ચશ્માથી નહિ. ચશ્માને કારણે જ્ઞાન થયું એમ માનવું તે તો સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ એકાંત છે, સ્વ–પરની ભિન્નતારૂપ અનેકાન્તની તેને ખબર નથી.

અહો, પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી જ્ઞાનની સ્વાધીનતા છે, તેને લોકો ઓળખતા નથી. સર્વજ્ઞભગવાને અનેકાન્તવડે સ્વાધીન જ્ઞાનસ્વભાવ પ્રસિદ્ધ કર્યો છે. જીવમાં કેવળજ્ઞાનરૂપ પરિણમન હોય ને શરીરમાં તે કાળે વજ્રસંહનનરૂપ પરિણમન હોય, છતાં એક બીજાના કારણે તેમનું હોવાપણું નથી, એકની બીજામાં નાસ્તિ છે, એ જ રીતે જીવમાં મુનિદશા હોય ને શરીરમાં તે કાળે દિગંબરદશા હોય, છતાં બંને સ્વતંત્ર છે, કોઇના કારણે કોઇ નથી; શરીરની જે દિગંબરદશા છે, તે જડ છે, જીવની મુનિદશામાં તેની નાસ્તિ છે; અને તે શરીરમાં મુનિદશાની નાસ્તિ છે. સ્વકાળથી દરેક પદાર્થ સત્ છે ને પરકાળથી તે અસત્ છે. આવી ભિન્નતામાં સ્વાધીનતા છે; ને સ્વાધીનતામાં જ સ્વાશ્રયરૂપ વીતરાગભાવ એટલે કે ધર્મ છે. તે અનેકાન્તનું ફળ છે. જ્યાં જડ–ચેતનની ભિન્નતા અને સ્વાધીનતાનું ભાન નથી ને સ્વ–પરની એકતારૂપ એકાંતબુદ્ધિ છે ત્યાં સ્વાશ્રયરૂપ વીતરાગભાવ થતો નથી, ત્યાં તો અજ્ઞાન અને રાગદ્વેષ જ થાય છે, તે અધર્મ છે.

**અનેકાન્તનું ફળ સ્વવસ્તુની પ્રાપ્તિ છે, એટલે કે નિજપદની પ્રાપ્તિ તે અનેકાન્તનું ફળ છે.**

પરજ્ઞેયના આશ્રયે મારું જ્ઞાન છે એમ માનનાર, જ્ઞેયો પલટતાં જ્ઞાનનો પણ નાશ માને છે. ભાઈ જ્ઞેયોના અવલંબને તારા જ્ઞાનનું અસ્તિત્વ નથી. જ્ઞેયો પલટી જવા છતાં જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે સ્વકાળરૂપ પરિણમ્યા કરે છે. પરજ્ઞેયને અવલંબવાના કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ છે–એમ નથી, પરજ્ઞેયથી અસત્પણે પોતાના સ્વભાવને જ અવલંબીને જ્ઞાન પોતાના સ્વકાળમાં ( સ્વપર્યાયમાં ) અસ્તિપણે વર્તે છે.

હવે ભાવમાં અનેકાન્ત એમ પ્રસિદ્ધ કરે છે કે જ્ઞાયકભાવપણે જ્ઞાનનું અસ્તિત્વ છે ને પરભાવોપણે જ્ઞાનનું નાસ્તિત્વ છે. પરભાવને જાણતાં જ્ઞાન પોતે કાંઈ પરભાવ– રૂપ થઈ જતું નથી, તે તો સ્વ–ભાવપણે જ રહે છે. રાગને જાણતાં અજ્ઞાની એમ

માને છે કે જ્ઞાન રાગરૂપ થઈ ગયું, મલિન ભાવને જાણતાં જ્ઞાન પણ મલિન થઈ ગયું–એમ સ્વ–પરની એકતાનો ભ્રમ અજ્ઞાનીને છે, તે અનેકાન્તવડે દૂર થાય છે. પરભાવો જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય ત્યાં જ્ઞાયકભાવ કાંઈ તે પરભાવરૂપ થઈ ગયો નથી. અગ્નિને જાણતાં જ્ઞાન બળી જતું નથી, કે બરફને જાણતાં જ્ઞાન ઠરી જતું નથી, જ્ઞાન તો અરૂપીપણે પોતાના સ્વભાવમાં રહે છે; એ જ રીતે રાગદ્વેષાદિ પરભાવો જ્ઞાનમાં જણાય ત્યાં જ્ઞાન પોતે તેમાં તન્મય થઈ જતું નથી, ભિન્નપણે પોતાના ભાવમાં રહે છે. પણ આવી ભિન્નતાનું જેને ભાન નથી તે રાગને અને જ્ઞાનને ભેળસેળ કરીને એકપણે અનુભવે છે, તે જ એકાન્ત છે, અજ્ઞાન છે. અનેકાન્તવડે ભગવાન તેને સમજાવે છે કે ભાઈ! તું તો જ્ઞાન છો, અન્ય ભાવો તારા જ્ઞેયો છે, તે રૂપે તું નથી. આવી ભિન્નતા જાણીને જ્ઞાનપણે જ આત્માને શ્રદ્ધામાં–અનુભવમાં લેવો તે ધર્મ છે.

જીવ જ્યારે એકલી પર્યાયને જ દેખે છે ને નિત્યતારૂપ સામાન્યસ્વભાવને નથી દેખતો એટલે કે એકાન્ત પર્યાયમૂઢ થઇ જાય છે, ત્યારે અનેકાન્તવડે તેને વસ્તુસ્વરૂપ સમજાવે છે કે ભાઈ! પર્યાયઅપેક્ષાએ અનિત્યતા હોવા છતાં તારામાં જ્ઞાનસામાન્ય–રૂપથી નિત્યપણું છે, ક્ષણિક પર્યાય જેટલો જ તું આખો નથી. વળી કોઈ જીવ એકલી નિત્યતાને જ માને ને જ્ઞાનવિશેષરૂપ પર્યાયને ન માને, પર્યાયને માનીશ તો હું ખંડિત થઈ જઈશ–એમ અજ્ઞાનથી માને છે, તેને પણ અનેકાન્તવડે સમજાવે છે કે ભાઇ! દ્રવ્યઅપેક્ષાએ નિત્યતા હોવા છતાં તારામાં જ્ઞાનવિશેષઅપેક્ષાએ અનિત્યતા પણ છે. નિત્યતા ને અનિત્યતા તે બંને તારું સ્વરૂપ છે–એમ અનેકાન્તવડે વસ્તુસ્વરૂપ ઓળખાવ્યું છે. અનેકાન્તના એક પડખાને કાઢી નાંખે તો વસ્તુસ્વરૂપ સિદ્ધ ન થાય.

જ્ઞાનની વિશેષ પર્યાયો થવી તે પણ પોતાનું સ્વરૂપ છે; તે જ્ઞાનવિશેષો કાંઈ પરને લીધે થતા નથી. પરને લીધે જ્ઞાન માને તો તેણે આત્માના અનિત્યસ્વભાવને જાણ્યો નથી, અનેકાન્તને જાણ્યો નથી. વસ્તુમાં સામાન્ય અને વિશેષ બંને પોતાના સ્વભાવથી જ છે, કોઈ બીજાને કારણે નથી. જ્ઞાનમાત્ર આત્મામાં તત્–અતત્પણું, એક–અનેકપણું, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી સત્–અસત્પણું અને નિત્ય–અનિત્યપણું એવો અનેકાન્ત સ્વભાવથી જ પ્રકાશે છે. આવો જ્ઞાનમાત્ર આત્મા પરથી અને રાગથી ભિન્ન કરીને અનેકાન્તવડે સર્વજ્ઞદેવે ઓળખાવ્યો છે. આવા આત્માનો અનુભવ કરવો તે સર્વજ્ઞ–અરિહંતદેવનો માર્ગ છે.

जय अनेकान्त

# મિથ્યાત્વથી થતું ભાવમરણ

## તે ભાવમરણના ભયંકર દુઃખ થી છૂટવાનો ઉપાયઃ ભેદજ્ઞાન

( સમયસારકલશ ૧૬૮ થી ૧૭૨ ઉપરના પ્રવચનોમાંથી )

સોનગઢ વૈશાખ વદ ૬–૭–૮ ( ૨૪૯૪ )

**જગતના જીવો જે ભૂલને લીધે ભાવમરણ કરી રહ્યા છે તે ભૂલનો પ્રકાર સમજાવીને અને તેનાથી છૂટવાનો ઉપદેશ આપીને વીતરાગી સન્તોએ જીવોને ભાવમરણથી ઉગાર્યા છે. ભાઈ! સૌથી પહેલાં એટલું નક્કી કર કે તારું કાર્યક્ષેત્ર તારામાં જ છે, તારાથી બહારમાં તારું કાર્ય જરાપણ નથી. - આમ પરથી અત્યંત ભિન્નતા સમજીને તારા નિજસ્વરૂપને તું સંભાળ.-આ જ ભાવમરણથી છૂટવાનો ને પરમ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે.**

જગતમાં સદાય સર્વે જીવોને જીવન કે મરણ, સાતા કે અસાતા સંયોગ કે વિયોગ તે પોતપોતાના કર્મના ઉદય અનુસાર થાય છે, બીજો માને કે હું તેને કરું–તો તે માત્ર તેનું અજ્ઞાન છે. અને એવો અજ્ઞાનમય મિથ્યાભાવ જ ( પછી તે શુભ હો કે અશુભ– ) તે ભાવહિંસા છે, અધર્મ છે. ભાઈ! સામા જીવનું આયુષ પૂરું થયા વિના કોઈ તેને મારવા સમર્થ નથી; સામા જીવનું આયુષ ન હોય તો કોઈ તેને જીવાડવા સમર્થ નથી; તેના સાતાના ઉદય વિના કોઈ તેને સુખ દેવા સમર્થ નથી, તેના અસાતાના ઉદય વિના કોઈ તેને દુઃખ દેવા સમર્થ નથી. આ રીતે જીવને પોતે કરેલા ભાવોના ફળઅનુસાર જીવન–મરણ સુખ–દુઃખ–થાય છે. ત્યાં બીજો મને જીવાડે–મારે કે સુખ–દુઃખ

આપે, અથવા હું બીજાને જીવાડું–મારું કે સુખ–દુઃખ આપું–એવો જેને ભ્રમ છે તે જીવ નિઃશંકપણે મિથ્યાદ્રષ્ટિ જ છે. જગતના જીવોનો મોટો ભાગ (જીવરાશિ) આવી મિથ્યાબુદ્ધિથી અજ્ઞાની છે. જે કોઈ જીવ પરમાં કર્તૃત્વની આવી મિથ્યાબુદ્ધિ કરે છે તે જીવ ચોક્કસ મિથ્યાદ્રષ્ટિ જ છે એમ જાણવું.

ભાઈ! તું તો જ્ઞાન છો. જ્ઞાનતત્ત્વ શુભાશુભ વિકલ્પનુંય કર્તા નથી ત્યાં પરનું કર્તૃત્વ તારામાં કેવું? તું તારા જ્ઞાનનો જ માલિક છો, પરનો માલિક તું નથી. પરવસ્તુના કાર્યની માલિક (કર્તા) તે વસ્તુ જ છે, તેને બદલે તું તેનો માલિક (કર્તા) થવા જાય છે તો તે અન્યાય છે, અજ્ઞાન છે. તારા કાર્યનો માલિક બીજો નથી ને બીજાના કાર્યનો માલિક તું નથી. સ્વાધીનપણે જગતના પદાર્થો પોતપોતાનું કાર્ય કરી રહ્યા છે.

આવા વસ્તુસ્વરૂપને જે જાણતા નથી ને મોહથી અન્ય જીવને અન્ય જીવદ્વારા સુખ–દુઃખ, જીવન–મરણ કે બંધ–મોક્ષ થવાનું માને છે તે મિથ્યાત્વરૂપ અશુદ્ધપણે પરિણમ્યા છે. બીજો જીવ મને રાગ કરાવીને બાંધે અગર બીજો જીવ મને જ્ઞાન આપીને તારે–એવી સ્વ–પરમાં કર્તાકર્મની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે, તે મિથ્યાદ્રષ્ટિ જીવ તીવ્ર મોહવડે પોતાના ચૈતન્યપ્રાણને હણે છે, પોતે પોતાના આત્મજીવનને હણે છે, તે જ મોટી ભાવહિંસા છે.

આ મારો મિત્ર, આ મારો શત્રુ, આ મને સુખ દેનાર, આ મને દુઃખ દેનાર, અથવા હું બીજાનો મિત્ર, હું બીજાનો શત્રુ, મેં બીજાને સુખ દીધું, મેં બીજાને દુઃખ દીધું–એવી મિથ્યાબુદ્ધિથી અજ્ઞાની રાગ–દ્વેષને જ કરે છે, પર સાથે કર્તૃત્વબુદ્ધિ હોય ત્યાં રાગ–દ્વેષનું કર્તૃત્વ છૂટે જ નહિ. રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધતા વડે જીવના શુદ્ધ ચૈતન્યપ્રાણ હણાય છે–તે જ આત્મહિંસા છે. આ રીતે અજ્ઞાની પોતે પોતાના આત્માનો ઘાત કરે છે તેથી આત્મઘાતક છે, ને આ આત્મઘાત તે મહા પાપ છે; તેમાં ભાવમરણનું ભયંકર દુઃખ છે.

અરે, મારો આત્મા તો જ્ઞાન છે. જ્ઞાનને કોઈ શત્રુ નથી, કોઇ મિત્ર નથી; જ્ઞાન સુખી–દુઃખી બધાને જાણે છે પણ જ્ઞાન કોઈને સુખ દેતું નથી, જ્ઞાન કોઈને દુઃખ દેતું નથી, બીજો કોઇ પદાર્થ જ્ઞાનને દુઃખ દેનાર નથી, બીજો કોઈ પદાર્થ જ્ઞાનને સુખ દેનાર નથી. જ્ઞાનસ્વરૂપ જ હું છું, જ્ઞાનમાં રાગના શુભવિકલ્પનુંય કર્તવ્ય નથી–એમ પોતે પોતાને જ્ઞાનપણે અનુભવતા જ્ઞાની–ધર્માત્મા, જગતના કોઇ પણ પરભાવને જરાપણ પોતાના કરતા નથી; પોતાથી ભિન્ન જાણીને તેના જ્ઞાતા જ રહે છે.

અરે જ્ઞાનમાં પરના કર્તૃત્વનો બોજો કેવો? ને જ્ઞાનમાં પર કારણની પરાધીનતા કેવી? આવું જ્ઞાન સ્વયં નીરાકુળ શાંતરસથી ભરેલું છે, તે જ સ્વયં વીતરાગી આનંદ–રૂપ છે.

શરીરબુદ્ધિથી હું દેવ, હું મનુષ્ય ઇત્યાદિ પ્રકારે વર્તે છે તે પણ અજ્ઞાની છે. પરની ક્રિયા કરી શકતો નથી છતાં કરવાનો અભિપ્રાય કરે છે, એટલે જ્ઞાનભાવપણે ન પરિણમતાં અજ્ઞાનભાવપણે પરિણમે છે–તેનું નામ મિથ્યાત્વ છે. મોક્ષ તો જ્ઞાનના આશ્રયે થાય છે, જ્ઞાનરૂપ શુદ્ધાત્માના અનુભવથી મોક્ષ થાય છે, તેને બદલે શુભવિકલ્પને કરવાના અહંકારથી જે શુભને મોક્ષનું સાધન માને છે, તેને કહે છે કે અરે મૂઢ! શુભરાગમાં એકત્વબુદ્ધિથી તારા જ્ઞાનજીવનની હિંસા થાય છે. રાગ સ્વયં બંધભાવ છે તે મોક્ષનું કારણ કેમ હોય?

જગતમાં અનંતા જીવ વસે છે, તે બધાય જીવો સ્વાધીન છે ને અસહાય છે એટલે કે બીજાની સહાય વગર જ ટકનારા છે, તેમાં કોઈ કોઈનો સ્વામી નથી. પરનું જીવન પોતાને આધીન ન હોવા છતાં, હું પરને જીવાડું એવી મિથ્યાબુદ્ધિમાં પોતાનું ભાવમરણ થાય છે. અરે, પરને જીવાડવાની બુદ્ધિમાં પોતાનું મરણ થાય છે–ભાવપ્રાણ હણાય છે, તેને અજ્ઞાની દેખતો નથી. તારા આત્માને તે ભાવમરણથી બચાવવા અને સાચું જીવન પમાડવા હે જીવ! તું ભેદજ્ઞાન કર, ભેદજ્ઞાન વડે પરથી તારી ભિન્નતા જાણ. ભેદજ્ઞાન વગર ભાવમરણ મટશે નહિ.

ભાઈ, તારા વિકલ્પ વગર પણ સામા જીવને સુખ–દુઃખ, જીવન–મરણ તો તેના પોતાના ભાવથી થાય જ છે, તો તેમાં તે શું કર્યું? અને તારો વિકલ્પ હોવા છતાં તે અનુસાર સામા જીવમાં નથી થતું; તારો કોઇ જીવને મારવાનો અભિપ્રાય હોય છતાં તે બચી જાય છે, તારો બચાવવાનો અભિપ્રાય હોય છતાં તે મરી જાય છે; એ તો એના પોતાના કારણે થાય છે, તારા કારણે થતું નથી; છતાં તું કર્તાપણું માને છે તે તારો મિથ્યાભાવ છે; ને તે તારો મિથ્યાભાવ તને દુઃખનું કારણ છે. આ જીવ દુઃખમાં પીલાઈ રહ્યો છે તેમાંથી છૂટવા માટેની વાત છે. જ્ઞાનભાવ વડે જીવ કર્મોથી છૂટે છે, અજ્ઞાનભાવ વડે જીવ કર્મોથી બંધાય છે; એ સિવાય કોઈ બીજો તેને બાંધનાર કે છોડનાર નથી.

જીવ પોતે જો રાગાદિ બંધભાવોને ન કરે તો જગતમાં બીજા કોઈ પદાર્થમાં એવી શક્તિ નથી કે જીવને બંધન કરાવે. વીતરાગભાવ પ્રગટ કરીને જીવ પોતે મુક્ત થાય

ત્યાં તેને રોકવા કોઈ સમર્થ નથી. –આમ બંધમાં કે મોક્ષમાં જીવ એકલો જ છે, પોતે જ સ્વતંત્રપણે પોતાના બંધ–મોક્ષને કે સુખ–દુઃખને કરે છે. આવી સ્વાધીનદૃષ્ટિવડે પરનું કર્તૃત્વ છૂટે ને પર મારું કરે એવી પરાધીનબુદ્ધિ છૂટે, –ભેદજ્ઞાન થઈને પોતે પોતાના જ્ઞાનભાવપણે પરિણમે–એ જ સુખ છે, એ જ મોક્ષનો ઉપાય છે.

અરે જીવ! તારી સામે મરણ ઊભુ છે ને છતાં તને કેમ બાહ્યવિષયોમાં હરખ થાય છે! આ દેહનો સંયોગ તો છૂટી જશે–એ નજર સામે દેખાય છે છતાં કેમ તું આત્માની દરકાર નથી કરતો! જીવન તો ક્ષણમાં ફૂ થઈને ઊડી જશે પછી કયાં જઈશ–એની કાંઈ ચિન્તા ખરી? કે એકલા બાહ્ય વિષયોમાં જ જીવન વેડફી રહ્યો છે! આ દેહાદિ સર્વે સંયોગથી આત્મા જુદો છે, ને અંદરના રાગથી પણ જુદો છે, –જેને પર સાથે કાંઈ સંબંધ નથી, પછી પરની હોંશ શી? રાગનો ઉત્સાહ શો?

અરે, પરના કર્તૃત્વમાં ને રાગના રસમાં જીવ પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યો છે. પરન્તુ આત્મા પરનું કરે અને પુણ્યથી ધર્મ થાય એ વાત સર્વજ્ઞદેવના જૈનશાસનની હદથી બહાર છે. તારી ચૈતન્યહદમાં રાગનો પ્રવેશ કેવો? ને તેમાં જડનાં કામ કેવા? પરનું કરવાનું બુદ્ધિથી તો તારું પોતાનું અહિત થાય છે.

૧. આજ સુધી તેં કોઇ બીજાનું કાંઇ કાર્યું નથી.

૨. કોઇ બીજા તારું કાંઇ કરતા નથી.

૩. તારા આત્માને ભૂલીને તારી પર્યાયમાં તેં અજ્ઞાન અને રાગ–દ્વેષ કર્યા છે, તેનાથી તારું ભાવમરણ છે.

૪. તે અજ્ઞાન અને રાગ–દ્વેષ પણ તારા આત્માનો કાયમી સ્વભાવ નથી; તારો આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. તેનું ભાન કરતાં અજ્ઞાન ટળે ને જ્ઞાનભાવ પ્રગટે, તે ધર્મ છે, તે જ તારું હિત છે.

અજ્ઞાનથી તું તારા આત્માનો હિંસક હતો; ભેદજ્ઞાન વડે તે હિંસારૂપ ભાવમરણ ટળીને જ્ઞાન–આનંદમય જીવન પ્રગટે છે. આત્મા તો જગતનો સાક્ષી જ્ઞાનચક્ષુ છે, તે જ્ઞાનચક્ષુ જાણવા સિવાય બહારમાં શું કરે? જ્ઞાનચક્ષુ પાસે બહારનાં કામ કરવાનું જે માને છે તે તો આંખ પાસે પથરા ઉપડાવવા જેવું કરે છે.

- ➢ જ્ઞાનની મહાનતા એમાં નથી કે પરનાં કામ કરે.
- ➢ જ્ઞાનની મહાનતા એમાં નથી કે રાગાદિભાવ કરે.
- ➢ જ્ઞાનની મહાનતા તો એમાં છે કે જગતથી ભિન્ન ને રાગાદિથી ભિન્ન પોતાના વીતરાગી આનંદસ્વરૂપને જાણીને તેને અનુભવે.
- ➢ જેને જગતનું કાંઈ કરવું નથી, શુભરાગનો એક કણિયો પણ જેનામાં નથી એવું શાંત–અરાગી ગંભીર જ્ઞાન છે; આવા જ્ઞાનસ્વરૂપે આત્માને ન ઓળખે ત્યાંસુધી પર સાથે એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ મટે નહિ; ને મિથ્યાત્વ મટયા વગર જીવને સુખ થાય નહિ.

પોતાના આત્મસ્વરૂપને નહિ જાણનાર અજ્ઞાની જીવ અજ્ઞાનને લીધે જગતમાં સર્વત્ર સ્વ–પરની એકતાબુદ્ધિ કરે છે. એક રજકણનુંય કર્તૃત્વ જેણે માન્યું તેને જગતના સર્વે પદાર્થોમાં કર્તૃત્વબુદ્ધિ ઊભી જ છે. રાગના એક શુભઅંશથી પણ જેણે લાભ માન્યો, તેણે સર્વે રાગને આત્માનું સ્વરૂપ માન્યું. રાગથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા તેણે ન અનુભવ્યો. પરથી ભિન્ન આત્માને અનુભવે તે પરનું કર્તૃત્વ કેમ માને? તે પરમાં આત્મબુદ્ધિ કેમ કરે? અરે, આત્માને ભૂલીને, પરમાં આત્મબુદ્ધિથી જીવે સંસારમાં અનંતાનંત અવતાર કર્યા...જગતમાં બધે ઠેકાણે ઊપજી ચૂકયો, ને જ્યાંજ્યાં ઉપજ્યો ત્યાંત્યાં અજ્ઞાનભાવે પોતાપણું માન્યું; કીડીના ભવ વખતે પોતાને કીડી માની ને હાથીના ભવ વખતે ‘હું હાથી’ એમ પોતાને હાથી માન્યો; દેવના ભવ વખતે પોતાને દેવ માન્યો ને નારકીના ભવ વખતે આત્માને નારકી માન્યો, સર્વત્ર સર્વ પરભાવોમાં પોતાપણું માન્યું પણ એ બધાથી જુદો હું તો જ્ઞાનસ્વભાવરૂપ છું એવો આત્મઅનુભવ એકક્ષણ પણ જીવે ન કર્યો. અરે, પરમાં એકત્વબુદ્ધિના મોહથી જીવ ઘેલો થઈને ચારગતિમાં ભટકી રહ્યો છે, ને અનેક પ્રકારના જુઠા વિકલ્પો કરી કરીને દુઃખી થાય છે. જ્યાં શુભરાગનું કર્તૃત્વ એ પણ દુઃખ છે અશુભની કે જડની તો વાત જ શી? જે પોતાના પરિણામને આધીન નથી એવા જગતના પદાર્થો પાછળ જીવ ઘેલો બન્યો છે...ઘેલછાથી તેનું કર્તૃત્વ માને છે...એમાં ચૈતન્યનું ભાવમરણ છે. ભાઈ! ક્ષણક્ષણ આવા ભાવમરણથી તું દુઃખી થઇ રહ્યો છે, એ ભાવમરણના દુઃખથી છૂટવા માટે વીતરાગી સન્તો તને તારું ચૈતન્યજીવન ઓળખાવે છે, –જેમાં રાગનો અંશ નથી, પરનો સંબંધ નથી; આવા પોતાના ચૈતન્યસ્વભાવને જાણવો–માનવો–અનુભવવો તે ભાવમરણથી મુક્ત થવાનો, ને પરમ આનંદ પામવાનો ઉપાય છે.

જેમ રસ્તે ચાલ્યા જતા માણસોને કે હાથી વગેરેને દેખીને કોઈ ગાંડો ઘેલછાથી એમ માને કે આ પદાર્થો મારા છે, હું તેમને ચલાવું છું; તેમ સ્વયં પરિણમતા જગતના જડ–ચેતન પદાર્થોને દેખીને જે એમ માને છે કે આ પદાર્થો મારા છે, હું તેમનો કર્તા છું, – તે જીવ મિથ્યાત્વથી ઘેલો થયો છે. સત્–અસત્ની ભિન્નતાની જેને ખબર નથી, સ્વ–પરની ભિન્નતાની જેને ખબર નથી, ને બધાને એકબીજામાં ભેળવીને માને છે તેનું બધું જાણપણું ઉન્મત્તવત્ છે–એમ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે.

પરનું હું કરું ને પર મારું કરે એમ માનનાર અજ્ઞાની જીવ પોતામાં પણ આત્માને પર્યાયબુદ્ધિથી જ દેખે છે એટલે રાગી–દ્વેષી–અશુદ્ધપણે જ અનુભવે છે. પરને બચાવવાની શુભવૃત્તિ થઈ ત્યાં તે શુભવૃત્તિનો રાગ એ જ મારું કર્તવ્ય છે એમ રાગ– સ્વરૂપે જ પોતાને અનુભવે છે, પણ રાગથી પાર ચૈતન્યકાર્યને જાણતો નથી. આવું અજ્ઞાન જ્યાં સુધી ન મટે ત્યાં સુધી જ્ઞાન કે આચરણ કાંઈ સાચું હોતું નથી. કોઈ એમ માને કે હું બીજાને તારી દઉં, હું બીજાને મુક્ત કરી દઉં–તો કહે છે કે હે ભાઈ! તું પોતે જ મિથ્યાત્વના બંધનમાં પડેલો છો. જેમ જગતના કર્તા કોઈ ઈશ્વર નથી, તેમ આત્મા પણ જગતના કોઈ પદાર્થોનો કર્તા નથી. સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ અનુભવે છે, તેમાં રાગના એક અંશનુંય અસ્તિત્વ નથી, ત્યાં પરવસ્તુની શી વાત?

આકાશના ફૂલને ચૂંટવાની ચેષ્ટા કોઈ કરે તો તે નિરર્થક છે, કેમકે તેનો અભાવ જ છે; તેમ પર વસ્તુનો આત્મામાં અભાવ છે, છતાં તેનું કાર્ય કરવાની ચેષ્ટા (અભિપ્રાય) કોઈ કરે તો તે નિરર્થક છે એટલે મિથ્યા છે. આવું મિથ્યાત્વ હોય ત્યાં સાધુપણાનું આચરણ હોતું નથી ને સમ્યકત્વ પણ હોતું નથી. ચૈતન્યના ભાન વડે જેણે આવું મિથ્યાત્વ ટાળીને સમ્યકત્વ પ્રગટ કર્યું છે તેનું જ જ્ઞાન સાચું ને તેનું જ આચરણ સાચું. આવું સાચું જ્ઞાન પ્રગટે ત્યારે ભાવમરણ ટળે ને સાચું જીવન એટલે કે અતીન્દ્રિય–આનંદદશા પ્રગટે.

મુનિદશા તો મહાપૂજ્ય પરમેષ્ઠીપદ છે; તે મુનિદશા સમ્યગ્દર્શન વગર હોતી નથી. પરને હું મારું, પરને હું જીવાડું, પર મને મારે કે જીવાડે–એવો મિથ્યા અધ્યવસાય મુનિઓને સ્વપ્નેય હોતો નથી. હજી તો જ્યાં પરના કર્તૃત્વની મિથ્યાબુદ્ધિ છે, જ્યાં રાગથી ધર્મ થવાની મિથ્યાબુદ્ધિ છે, ત્યાં સમ્યકત્વ પણ નથી, તો મુનિદશા કેવી? ત્યાં જ્ઞાન કે ચારિત્ર કાંઈ સાચું નથી.

સાચું જ્ઞાન ને ચારિત્ર શું છે તેની લોકોને ખબર નથી. અંતરના ચૈતન્યમાં એકાગ્ર થતાં એક સૂક્ષ્મવિકલ્પ પણ પોતાપણે ભાસતો નથી–એવા શુદ્ધચૈતન્યના અનુભવસહિતનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, ને એવા જ્ઞાનપૂર્વક આનંદમાં એકાગ્રતા તે સાચું આચરણ છે. રાગ અને બાહ્યક્રિયા એ ધર્મીને નિજસ્વરૂપે ભાસતા નથી. જેનાથી જન્મ મરણનો અંત ન આવે એવા જ્ઞાનને જ્ઞાન કોણ કહે? –એવા આચરણને આચરણ કોણ કહે? સમ્યકત્વ વગર શુભરાગના આચરણ પણ અનંતવાર જીવ કરી ચૂકયો, પણ જન્મ–મરણથી છૂટકારો ન થયો; ભગવાન તેના શુભઆચરણને સાચું આચરણ કહેતા નથી.

**પ્રશ્નઃ-** પંચમકાળમાં આવું જ્ઞાન ને આચરણ હોય?

**ઉત્તરઃ-** હા; જ્ઞાન અને આચરણનું સ્વરૂપ તો ત્રણે કાળે આવું જ છે; પંચમ–કાળમાં કાંઈ તેનું બીજું સ્વરૂપ ન થઈ જાય, જુઓ, અત્યારે વિદેહમાં અનેક મુનિઓ આવા જ્ઞાન–આચરણસહિત વિચરે છે, તેમાંથી છઠ્ઠાગુણસ્થાનવર્તી કોઈ મુનિને સંહરણ કરીને કોઈ આ ભરતક્ષેત્રમાં મુકી જાય, તો ભરતક્ષેત્ર અને પંચમકાળ હોવા છતાં, વિદેહના તે મુનિ ક્ષપકશ્રેણીવડે અહીં કેવળજ્ઞાન પામી શકે છે. તેને કાંઈ આ ક્ષેત્ર કે કાળ નડતા નથી. જીવ પોતાના બંધ–મોક્ષને સ્વાધીનપણે એકલો કરે છે. જીવનું કાર્યક્ષેત્ર પોતામાં છે, બહારમાં તેનું કાર્યક્ષેત્ર જરાપણ નથી આમ પરથી અત્યંત ભિન્નતા સમજીને તારા નિજસ્વરૂપને તું સંભાળ. –આ જ ભાવમરણથી છૂટવાનો ને પરમ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે.

---

પ્રવાસમાં ઠેરઠેર બાલવિભાગના સભ્યો મળતા....ખૂબજ આનંદિત થતા....બાલવિભાગ પ્રત્યે તેમના હૃદયમાં કેટલો પ્રેમ છે તે દેખીને આનંદ થતો....ઉત્સાહપૂર્વક હજારો બાલબંધુઓ પોતાના જીવનમાં ધર્મના સંસ્કાર સીંચી રહ્યા છે....એ સંસ્કાર એમના જીવનમાં મહાન ઉપયોગી થશે. બાલસભ્યોને ઉલ્લાસ માટે ધન્યવાદ!

– ખૈરાગઢ (મધ્ય પ્રદેશ) માં દિગંબર જિનમંદિર સં. ૨૦૧૫ માં બંધાયેલું ને ૨૦૧૫ ના ચૈત્રસુદ એકમે ગુરુદેવ ખૈરાગઢ પધાર્યા ત્યારે જિનબિંબ–વેદીપ્રતિષ્ઠા થયેલી; આ ચૈત્ર સુદ એકમે દશમી વર્ષગાંઠ પ્રસંગે જિનમંદિર ઉપર કલશ તથા ધ્વજ ચડાવવાનો ઉત્સવ થયો. મંદિર ઉપર દશ વર્ષે પહેલી જ વાર કળશ તથા ધ્વજ ચડતા હોવાથી ત્યાંના મુમુક્ષુઓને ઘણો ઉત્સાહ હતો ને આનંદથી તેનો ઉત્સવ કર્યો હતો.

# વિવિધ સમાચાર

**પૂ. ગુરુદેવના વિહારના મોરબી-વવાણીયા-વાંકાનેર વગેરેના સમાચારો તથા બીજા વિવિધ સમાચારો જે ગતાંકમાં છાપવા મોકલેલ, પણ મર્યાદિત પૃષ્ઠ સંખ્યાને કારણે સમાવેશ થઈ શકેલ નહિ, તે સમાચારો આ અંકમાં અહીં આપ્યા છે. વિલંબ માટે પાઠકો ક્ષમા કરે. ( સં. )**

પરમ પૂજ્ય ગુરુદેવનો સૌરાષ્ટ્રમાં ધર્મપ્રભાવક વિહાર આનંદપૂર્વક થયો. ઠેરઠેર હજારો જિજ્ઞાસુઓએ ઉત્સાહથી લાભ લીધો....જે જે નગરીમાં ગુરુદેવ પધાર્યા ત્યાં સવર્ત્ર ધાર્મિક ઉત્સવનું વાતાવરણ ફેલાઈ જતું, એક નવી જ ધર્મજાગૃતિ આખી નગરીમાં આવી જતી હતી.

ચૈત્ર સુદ ૮ થી ૧૧ ગુરુદેવ મોરબી પધાર્યા; ત્યાં રાષ્ટ્રીયશાળાના બેન બ્ર. વિદુબેન તથા વિદ્યાર્થી બાળકોના ભજનનો સુંદર કાર્યક્રમ થયો હતો; તથા જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી હતી. શ્વેતાંબર સંઘના સહકારને લીધે તેમના ચાંદીના રથમાં જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી.

વવાણીયાઃ– શ્રીમદ્ રાજચંદ્ર જન્મધામના ટ્રસ્ટીઓની વિનંતિથી ગુરુદેવ ચૈત્ર સુદ ૧૧ ની સાંજે વવાણીયા પધાર્યા હતા; બીજા સેંકડો જિજ્ઞાસુઓ પણ આ પ્રસંગે આવ્યા હતા. સાગર ( મધ્ય પ્રદેશ ) ના શેઠશ્રી ભગવાનદાસજી શોભાલાલજી વગેરે પણ આવ્યા હતા. શરૂમાં જન્મધામનું અવલોકન કર્યા બાદ, રાષ્ટ્રિયશાળાના બાળકોએ ભજન કરેલ; તથા પૂ. બેનશ્રી–બેને વૈરાગ્યભીના ભાવે “ધન્ય રે દિવસ આ અહો...” એ કાવ્ય ગવડાવ્યું હતું. પછી પૂ. ગુરુદેવે અપૂર્વઅવસર’માંથી પાંચ કડી અધ્યાત્મમસ્તીપૂર્વક ગાઈ હતી. ને તેના ભાવોનું ટૂંકું વિવેચન કરીને મુનિદશાની ને સર્વજ્ઞપદની ભાવનામાં સૌને તરબોળ કર્યા હતા. છેલ્લે છેલ્લે ભાવભીના હૃદયે વિદેહની વાતને યાદ કરીને કહ્યું કે–

હમ પરદેશી પંથી સાધુજી .... આ રે દેશકે નાંહી જી.....<br>
સ્વરૂપ સાધન પૂર્ણ કરીને, જાશું સિદ્ધાલય સ્વદેશ જો...

સાદિ–અનંત અનંત સમાધિસુખમય એવા એ સિદ્ધપદનો ઘણો મહિમા કર્યો

હતો. તેમજ શ્રીમદ્ રાજચંદ્રજીના અધ્યાત્મજીવનની અનેક વિશેષતાઓ યાદ કરીને તેમનો મહિમા સમજાવ્યો હતો. ત્યાંથી મોરબી પધારીને બીજે દિવસે વાંકાનેર પધાર્યા હતા.

વાંકાનેરમાં ચૈત્ર સુદ તેરસે મહાવીર ભગવાનના જન્મોત્સવ નિમિત્તે ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી, ગુરુદેવ પણ રથયાત્રામાં સાથે હતા. રથયાત્રા વખતે વિશેષ પ્રસંગ એ બન્યો કે, શ્વેતાંબર જૈનસંઘની રથયાત્રા પણ એ જ વખતે નીકળી હતી. આ રીતે શ્વેતાંબર અને દિગંબર બંને સંઘની રથયાત્રા રસ્તામાં ભેગી થઈ હતી. ભાઈ–ભાઈને દેખીને જેમ આનંદિત થાય તેમ બંને સંઘના ભાઈઓ એકબીજાને દેખીને આનંદિત થયા, બંને રથયાત્રામાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું ને મહાવીર ભગવાનના જય જયકાર ગજાવીને સૌએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. શાંતિપૂર્વક બંને સંઘની રથયાત્રા જય જયકાર કરતી પસાર થઈ ગઈ...ને શાતિ–સંપ માટેનું એક ઉદાહરણ જૈનસમાજને આપતી ગઈ. જ્યારે વીરનાથજિનેન્દ્રનો અઢીહજારમો નિર્વાણોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે ભારતના જૈનસમાજને આવા પ્રસંગોની ઘણી જરૂર છે. જ્ઞાનધામ વાંકાનેરમાં ચાર દિવસનો કાર્યક્રમ આનંદથી પૂર્ણ કરીને ગુરુદેવ ચોટીલા થઈને સુરેન્દ્રનર શહેર પધાર્યા. ચોટીલામાં ચંદ્રપ્રભસ્વામીનું નાનકડું જિનાલય છે.

સુરેન્દ્રનગર–વઢવાણ અને જોરાવરનગર ત્રણે ગામ મળીને ૧૧ દિવસનો કાર્યક્રમ હતો. દરેક શહેરમાં ત્રણે શહેરના સંઘે તેમજ જિજ્ઞાસુઓએ હજારોની સંખ્યામાં પ્રવચનો તથા ચર્ચાનો લાભ લીધો હતો. ચૈત્ર વદ ૮ ના યાદગાર દિવસે વઢવાણશહેરમાં જિનમંદિરની વાર્ષિકતિથિ હોવાથી ભગવાનની રથયાત્રા નીકળી હતી. આ ત્રણે ગામમાં પણ જૈનોના બધા સંઘો વચ્ચે સારો સહકાર છે. જોરાવરનગર બાદ ગુરુદેવ વીંછીયા પધાર્યા.

વીંછીયાનગરીમાં થયેલ જન્મોત્સવના સમાચાર ગતાંકમાં આપી ગયા છીએ.

વીંછીયાનગરીમાં ઉમંગભર્યો જન્મોત્સવ ઉજવાયા બાદ વૈશાખ સુદ સાતમે પૂ. ગુરુદેવ જન્મધામ–ઉમરાળાનગરીમાં પધારતાં ઉમંગભર્યું સ્વાગત થયું. મંડપમાં મંગલ–પ્રવચન કર્યા પછી જન્મધામમાં આવતાં ગુરુદેવને અનેક સંભારણાંની સાથે માતાજી ઉજમબાનું પણ સ્મરણ થવા લાગ્યું. ...ને નાનપણમાં ઘરે આવતા ત્યારે બારણું ઉઘાડવા માટે 'બા' કહીને સાદ પાડતાં વગેરે પ્રસંગ કહ્યા. માતા તે માતા!

માતાના વાત્સલ્યભર્યા સંભારણાં જ એવા હોય છે કે તે યાદ કરતાં હૈયું રોમાંચ અનુભવતું હોય છે. જન્મસ્થાનની બાજુમાં ઉજમબા–સ્વાધ્યાયગૃહમાં બેઠાં બેઠા ગુરુદેવને ૬૦–૭૦ વર્ષ જુનાં સ્મરણો તાજા થતા હતા. અહા, વિદેહીનાથને સેવીને ગુરુદેવ અહીં આ ઘરમાં આવ્યા તો એ વિદેહીનાથને પણ નાનકડા ઘરમાં સાથે જ લાવ્યા. પોતાના જન્મઘરમાં બિરાજમાન વિદેહીનાથ સીમંધરપ્રભુને ભાવથી અર્ઘ ચઢાવીને પૂજન કર્યું....પ્રવચનમાં સમયસારની ૨૦૬મી ગાથા દ્વારા ગ્રામ્યજનતાને પણ સમજાય એવી સુગમ શૈલીથી આત્મતત્ત્વની પ્રીતિ કરવાનો ઉપદેશ આપ્યો. ‘આ તો આપણા ગામના મહારાજ, આ તો ઓલા મોતીચંદભાઈના દીકરા....’ એવા ગૌરવ સાથે લાગણીપૂર્વક ગામની દરેક વર્ગની જનતા ગુરુદેવના દર્શનમાં તથા પ્રવચનમાં હોંશથી ભાગ લેતી હતી. સોનગઢથી માત્ર છ સાત ગાઉ નજીક ઉમરાળા છે. ૪૬ વર્ષ પહેલાં ગુરુદેવને ( સં.૧૯૭૮ માં ) ૐ ઓંકારનાદના ભણકાર અહીં ઉમરાળામાં આવ્યા હતા...ગુરુદેવની વય તે વખતે માત્ર ૩૩ વર્ષની; ૩૩ વર્ષ પહેલાં જ સાંભળેલ તીર્થંકરની વાણીના ભણકારા આ આત્મામાં ગુંજતા હતા....એટલે એ જિનવાણી–અનુસાર માર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં એમને ચેન નહોતું પડતું. અંતે જિનમાર્ગ પ્રાપ્ત કરીને જગતમાં તે પ્રસિદ્ધ કર્યો.

ઉમરાળાના બે દિવસના કાર્યક્રમ દરમિયાન જન્મધામમાં ખૂબ ભક્તિ થઈ હતી......પૂ. બેનશ્રીબેને અનેકવિધ ઉલ્લાસભરી ભક્તિ દ્વારા ગુરુમહિમા પ્રસિદ્ધ કર્યો હતો. ઘાટકોપરની આપણી ભજનમંડળીએ પણ બંને દિવસ ભક્તિનો કાર્યક્રમ કર્યો હતો. બે દિવસનું નગરીનું ઉમંગભર્યું વાતાવરણ જોતાં આ ઉમરાળાનગરી જાણે કે અયોધ્યાની બેનપણી હોય ! એમ લાગતું હતું.

ઉમરાળાથી પૂ. ગુરુદેવ લીંબડીશહેર પધાર્યા; ત્યાંના જિનમંદિરના દશ વર્ષ પૂર્ણ થયા; વૈશાખ સુદ ૧૩ ના રોજ જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી. લીંબડી શહેરની જનતાએ છ દિવસ ઉત્સાહથી ગુરુદેવના પ્રવચનાદિનો લાભ લીધો.

વૈશાખ સુદ પૂર્ણિમાએ પૂ. ગુરુદેવ સોનગઢ પધારતા ભક્તજનોએ હૈયાના ઉમળકાથી સ્વાગત કર્યું....ને શાંતધામમાં અધ્યાત્મવર્ષા શરૂ થઈ. વૈશાખ વદ એકમથી ધાર્મિક શિક્ષણવર્ગ શરૂ થયો.....વર્ગમાં ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ હતા...જેમાં મહારાષ્ટ્રના સોલાપુર વગેરેના અનેક શિક્ષક ભાઈઓ પણ આવ્યા હતા. હિન્દી ભાષા પણ માંડ માંડ સમજવા છતાં તેમણે શિક્ષણવર્ગમાં ભાગ લીધો હતો. વૈશાખ વદ છઠ્ઠે સમવસરણ–પ્રતિષ્ઠાને ૨૭ મું વર્ષ બેઠું –તે પ્રસંગે જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી

હતી, વદ આઠમે સ્વાધ્યાય મંદિરને તથા તેમાં સમયસારની સ્થાપનાને ૩૧ મું વર્ષ બેઠું, તે દિવસે સમયસારજીની રથયાત્રા નીકળી હતી અને ભક્તિ સ્વાધ્યાય મંદિરમાં થઈ હતી. જેઠ સુદ પાંચમે શ્રુતપંચમીનો ઉત્સવ પણ આનંદથી ઉજવાયો હતો.... જિનવાણીમાતાની રથયાત્રા નીકળી હતી. जय जिनेन्द्र

## તીર્થંકરોનું 'અંતરીક્ષ'પણું દિગંબર જૈનસિદ્ધાન્તમાં જ છે,

## શ્વેતામ્બરઆમ્નાયમાં અંતરીક્ષપણું નથી

મહારાષ્ટ્રમાં શિરપુર (અંતરીક્ષ પાર્શ્વનાથ) ના શ્રી પવળી દિગંબર જૈન મંદિર' ના હક્ક સંબંધી કેસનો ચુકાદો ન્યાયાધીશ શ્રી રત્નપારખીએ પૂર્ણપણે દિગંબર જૈનસમાજની તરફેણમાં, અને શ્વેતાંબરસમાજની વિરુદ્ધમાં આપેલ છે. અંતરીક્ષ પાર્શ્વનાથ" માં અંતરીક્ષ શબ્દ જ દિગંબરત્વ સિદ્ધ કરે છે–એમ યુક્તિ અને શાસ્ત્રાધારપૂર્વક મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી વિ.વા. સમુદ્રજીએ કોર્ટમાં સાબિત કર્યું હતું. 'અંતરીક્ષ' પણું એ માત્ર પાર્શ્વનાથ ભગવાનનું નહિ પણ જૈનોના ચોવીસે તીર્થંકરોનું વિશેષણ છે. 'અંતરીક્ષ' નો અર્થ થાય છે–આકાશગામીપણું. તીર્થંકરોને કેવળજ્ઞાન થયા પછી તેઓ સહજપણે જમીનથી પાંચહજાર ધનુષ ઊંચે આકાશમાં અંતરીક્ષ વિરાજે છે, પૃથ્વીપર ચાલતા નથી; તેથી તીર્થંકરભગવંતો અંતરીક્ષ' છે. આવું અંતરીક્ષપણું દિગંબર જૈનસમાજમાં જ માન્ય છે; શ્વેતાંબરસમાજમાં તીર્થંકરોને અંતરીક્ષ (આકાશગામી) સ્વીકારવામાં આવ્યા નથી, તેઓ તો તીર્થંકર જમીન ઉપર પણ ચાલે એમ કહે છે, આ રીતે શ્વેતાંબરમાં અંતરીક્ષપણું હોતું નથી. માટે 'અંતરીક્ષ–પાર્શ્વનાથ' માં જે અંતરીક્ષ વિશેષણ છે તે જ સાબિત કરે છે કે આ મંદિર દિગંબર જૈનસિદ્ધાન્ત અનુસાર છે.

('પ્રેરણા' મરાઠી પત્રિકાના આધારે)




આપણા નવા સભ્યોના નામ અહીં આપ્યા છે. પ્રિય ધર્મબંધુઓ, માત્ર સભ્ય તરીકે નામ લખાવીને અટકી જશો નહિ, પણ બાલવિભાગના દરેક કાર્યમાં ઉત્સાહથી ભાગ લેજો.....ને આત્માના હિતમાં આગળ વધજો. जय जिनेन्द्र

૨૦૩૧ ચંદ્રાબેન વસંતલાલ જૈન મુંબઈ ૮૦
૨૦૩૨ પલ્લવીબેન મનુભાઇ જૈન મુંબઈ ૬૨
૨૦૩૩ સતીશકુમાર શંકરલાલ જૈન નરોડા
૨૦૩૪ રાજેશકુમાર રમેશચંદ્ર જૈન ભાવનગર
૨૦૩૫ દીપકકુમાર રમેશચંદ્ર જૈન ભાવનગર
૨૦૩૬ દીપકકુમાર વિનયચંદ્ર જૈન સુરેન્દ્રનગર
૨૦૩૭ સુરેશચંદ્ર વિનયચંદ્ર જૈન સુરેન્દ્રનગર
૨૦૩૮ કિરણબાળા ચંપકલાલ જૈન જુનાગઢ
૨૦૩૯ મુકેશકુમાર ચીમનલાલ જૈન જુનાગઢ
૨૦૪૦ કુસુમબાળા ચંપકલાલ જૈન જુનાગઢ
૨૦૪૧ પંકજકુમાર ચીમનલાલ જૈન જુનાગઢ
૨૦૪૨ બિપિનકુમાર ચંપકલાલ જૈન જુનાગઢ
૨૦૪૩ છાયાગૌરી શાંતિલાલ જૈન જુનાગઢ
૨૦૪૪ શૈલેશકુમાર ચીમનલાલ જૈન જુનાગઢ
૨૦૪૫ પ્રદીપકુમાર વિઠ્ઠલદાસ જૈન જેતપુર
૨૦૪૬ ધીરજલાલ મનસુખલાલ જૈન અમદાવાદ
૨૦૪૭ નિપુણમતી સુરેન્દ્રભાઈ જૈન મુંબઈ–૨
૨૦૪૮ પ્રજ્ઞાબેન સુરેન્દ્રભાઈ જૈન મુંબઈ–૨
૨૦૪૯ રાજેન્દ્રકુમાર ગુલાબચંદ્ર જૈન રાજકોટ
૨૦૫૦ મીનાકુમારી ગુલાબચંદ જૈન રાજકોટ
૨૦૫૧ સુનીલકુમાર ગુલાબચંદ જૈન રાજકોટ
૨૦૫૨ જિતેન્દ્રકુમાર અમીચંદ જૈન વઢવાણ
૨૦૫૩ મુકેશકુમાર મોહનલાલ જૈન ઉમરગામ
૨૦૫૪ સુધાબેન ચંદ્રકાન્ત જૈન કલકત્તા
૨૦૫૫ દીલીપકુમાર ચંદ્રકાન્ત જૈન કલકત્તા
૨૦૫૬ ધીમંતકુમાર ચંદ્રકાન્ત જૈન કલકત્તા
૨૦૫૭ કેતનકુમાર ચંદ્રકાન્ત જૈન કલકત્તા
૨૦૫૮ સ્મીતાબેન ચંદ્રકાન્ત જૈન કલકત્તા
૨૦૫૯ રેખાબેન વૃજલાલ જૈન મુંબઈ–૧૯
૨૦૬૦ હંસાબેન વૃજલાલ જૈન મુંબઈ–૧૯
૨૦૬૧ કિરણ વૃજલાલ જૈન મુંબઇ–૧૯
૨૦૬૨ રમેશચંદ્ર મણિલાલ જૈન હિંમતનગર
૨૦૬૩ શકુન્તલાબેન મણિલાલ જૈન હિંમતનગર
૨૦૬૪ જાગૃતીબેન રસિકલાલ જૈન લાઠી

| | | | |
|---|---|---|---|
| ૨૦૬૫ નીલેશ રસિકલાલ જૈન | લાઠી | ૨૦૭૩ શિલ્પાબેન ચંપકલાલ જૈન | ખસ |
| ૨૦૬૬ ગીરીશકુમાર ફૂલચંદ જૈન | મોરબી | ૨૦૭૪ કીર્તિકુમાર ધીરજલાલ જૈન | પરતાપરા |
| ૨૦૬૭ મધુબાલા એસ. જૈન | મોરબી | ૨૦૭૫ નિતિન ચીમનલાલ જૈન | જલગાંવ |
| ૨૦૬૮ માલતીબેન પ્રાણલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૦૭૬ મગનલાલ મોહનલાલ જૈન | થાનગઢ |
| ૨૦૬૯ લતાબેન પ્રાણલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૦૭૭ પલ્લવીબેન એન. જૈન | મુંબઇ–૯૨ |
| ૨૦૭૦ રાજેન્દ્રકુમાર શાંતિલાલ જૈન | મુંબઈ–૫૬ | ૨૦૭૮ પ્રીતિબેન એન. જૈન | મુંબઈ–૯૨ |
| ૨૦૭૧ સ્મિતાબેન શાંતિલાલ જૈન | મુંબઈ–૫૬ | ૨૦૭૯ હર્ષદ ચીમનલાલ જૈન | અમદાવાદ |
| ૨૦૭૨ હીનાબેન ચંપકલાલ જૈન | ખસ | ૨૦૮૦ રજનીકાન્ત ચીમનલાલ જૈન | અમદાવાદ |

## ઉખાણા: મોકલનાર : મહેશ જે. જૈન. ( પ્રી.યુની. કોમર્સ, મોરબી )

( ૧ ) એક અક્ષરનો એવો કયો મંત્ર છે કે જેની અંદર જૈનધર્મના બધાય શાસ્ત્રો સમાઈ જાય છે?

( ૨ ) દુનિયાની સૌથી અજાયબ વસ્તુ કઈ?

( ૩ ) વિશ્વમાં મોક્ષમાર્ગ કેટલા ?

( ૪ ) સાડાચાર અક્ષરની એક સુંદર વસ્તુ છે; તીર્થંકરોની સાથે તે સદાય રહે છે; જેનો પહેલો અક્ષર સૌને વહાલો છે; પણ જો પહેલા સાથે બીજા અક્ષર ભળે તો તેનું તે વસ્તુ પાસે ખંડન થઈ જાય છે. –એ વસ્તુ કઈ?

( ૫ ) વિશ્વના મહાન ત્રણ રત્નો કયા?

( ૬ ) ચાર અક્ષરનું નામ છે; કાનો–માત્ર વગરનું છે; સદા તીર્થંકરોની પાસે રહે છે. પંચપરમેષ્ઠીમાં તેમનું સ્થાન છે. ...એ મહાત્મા કોણ?

( ઉકેલ આ અંકમાંથી શોધી કાઢો )

## કોયડો

( મોકલનાર : નૈનાબહેન જૈન સ.નં.૧ )

ત્રણ અક્ષરનું નામ છે,
તીર્થંકરની પુત્રી છે,
બાલબ્રહ્મચારી સતી છે;
–તે કોણ?

## બાલવિભાગથી અમને લાભ : સુશીલાબેન સી. જૈન : પ્રી.યુની. આર્ટસ, ભુજ

( બાલવિભાગના સ્વર્ગસ્થ સભ્ય રીટાબેનની આ બહેન પણ બાલવિભાગમાં ઉત્સાહથી ભાગ લઈ રહેલ છે. તેમનો નિબંધ અહીં આપેલ છે. આ ઉપરાંત તેમણે ધાર્મિક–કક્કો પણ લખી મોકલ્યો છે. પહેલી કક્ષાના પાંચલેખોમાં આ લેખને સ્થાન મળ્યું છે; – જેમાં કોલેજજીવન વખતે પણ બાલવિભાગ પ્રત્યે તેમને કેટલો ઉત્સાહ છે તે તેમણે વ્યક્ત કરેલ છે. સ.નં.૧૫૦૧ )

સીનેસૃષ્ટિના યુગમાં રાચી રહેલા બાળકો પર ધર્મની અસર કરવી એ એક જાદુ જેવું ગણાય. આ કળીયુગમાં સીનેસૃષ્ટિના એકટરો જેમના આદર્શો છે અને સીનેમાના ગાયનો જેમની ગીતા છે એવા બાળકોના જીવનમાં એકટરોને બદલે તીર્થંકરોનાં જીવનનો આદર્શ મૂર્તિમંત કરવો, ને સીનેગીતોને બદલે વીતરાગવાણીનું ગુંજન કરાવવું –એ અત્યંત જરૂરી છે. પાંચ વર્ષના કૂમળા બાળકોય જ્યાં જુઓ ત્યાં ફીલ્મી ગીત ગાતા દેખાય છે, તેને તેમ સમજાવવું કે તું જીવ છો...ને શરીર તું નથી. –એ કાર્ય કેટલું મુશ્કેલ છે! દરેક માતા ઈચ્છે કે મારા બાળક મહાવીર જેવા કે સીતાજી વગેરે જેવા બને; પણ આજે દુનિયાના વાતાવરણમાં ધાર્મિક ભાવના તો જાણે કચડાઈ ગઈ છે. છતાં આપણા આત્મધર્મના બાલવિભાગ દ્વારા હજારો બાળકોના જીવનમાં પરિવર્તન થઇ રહ્યું છે...ને તેમના માબાપ પણ જે દેખીને પ્રસન્ન થાય એવા ઉત્તમ સંસ્કારો રેડાઈ રહ્યા છે. કેટલાય બાળકોએ નિયમિત જિનેન્દ્રદેવના દર્શન શરૂ કર્યા, તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં રસ લેવા માંડયો, રાત્રિભોજન બંધ કર્યું, કંદમૂળ છોડી દીધા ને સીનેમા જોવાનું પણ બંધ કર્યું. બાળકોના જીવનમાં આ એક જાદુઇ અસર ગણાય.

થોડા જ સમયથી શરૂ થયેલા બાલવિભાગે અદ્ભુત પ્રગતિ કરી અને બાળકોની ઉન્નતિમાં મહત્વનો ફાળો આપ્યો. બાલવિભાગ ખૂબ સંસ્કારી છે. તે માત્ર બાળકોનો નહિ પણ માતા–પિતાનોય અત્યંત પ્રિય બની ગયો છે. હજારો માતા–પિતા બાલવિભાગદ્વારા પોતાના બાળકોને ધાર્મિક વૃત્તિનું સીંચન કરે છે, અને આનંદ પામે છે. હજારો બાળકોના માતા–પિતાએ બાલવિભાગ ઉપર આશીષ વરસાવ્યા છે.

અમારા જેવા કોલેજિયનોને પણ બાલવિભાગે ધાર્મિક પ્રસાદી આપી છે. દર મહિને છઠ્ઠી તારીખથી આઠમી તારીખ સુધી, બાલવિભાગ વાંચવા માટે તડપતા હૈયે બારણા પાસે પોસ્ટમેનની પ્રતીક્ષા કરીએ છીએ. પોસ્ટમેન આવીને 'આત્મધર્મ' આપી જાય ત્યારે ખૂબ આનંદ થાય છે....હજી તે હાથમાં લઉ ત્યાં તો મારી નાની બેન અને નાનો

ભાઈ આવીને તે ખેંચી લ્યે છે....એ બાલવિભાગ વાંચી લ્યે પછી જ તે મારા હાથમાં આવે. ખરેખર, –આવી છે બાલવિભાગ પ્રત્યેની અમારી ચાહના! બે હજારથી પણ હજી સભ્યો વધતા જાય છે...બાલવિભાગના સભ્ય એટલે મહાવીરના સન્તાન! તેઓ જ આગળ વધીને મહાવીર જેવા ને રામ જેવા, સીતા જેવા ને ચંદના જેવા, કુંદકુંદપ્રભુ જેવા ને કહાનગુરુ જેવા બનશે.

આથી વિશેષ શું લખું! એનો ચમત્કાર જોવો હોય તો તે વાંચીને ખાતરી કરજો.

અમને તો બાલવિભાગથી અદ્‌ભુત લાભ થયો છે.

–સુશીલાબેન છબીલદાસ સંઘવી (ભુજ)

## ઈનામી યોજના

ગુરુદેવના જન્મોત્સવનિમિત્તે ૧૦૧ રૂા. નાં ઈનામો વહેંચવાની જે યોજના પ્રગટ કરેલ તેમાં બાલવિભાગના ઘણા સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો છે. ધાર્મિક કોયડા, જોડકણા; એકડે એક ધર્મની લ્યો ટેક–એ પ્રમાણે એકથી સો સુધીના આંક, કક્કાના અક્ષરથી શરૂ થતા વાકયો; ચિત્રો; તથા “બાલવિભાગથી અમને લાભ’ એ સંબંધી અનેક લેખો મળ્યા છે. પરીક્ષાના ટાઈમ વચ્ચે પણ આ રીતે ધાર્મિક પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લેવા બદલ સૌને ધન્યવાદ!

જે ભાઈ–બહેનોના લેખો કે ચિત્રો વગેરે મળ્યા છે તેની યાદી નીચે મુજબ છે–

| | | | |
|---|---|---|---|
| સુશીલાબેન સી. સંઘવી નં.૧૫૦૧ | | હસમુખલાલ જૈન | નીકોડા |
| (પ્રી.યુની.આર્ટ) | ભુજ–કચ્છ | ભરતકુમાર સુંદરલાલ જૈન નં.૪૦ | મોરબી |
| મહેશચંદ્ર જે. જૈન નં.૧૩૮ (પ્રી.યુની.કોમર્સ) | | ભુપતકુમાર સી.જૈન નં.૨૧ | લાઠી |
| | મોરબી | વસંતલાલ રતિલાલ જૈન નં.૧૯૭૫ | જોરાવરનગર |
| સભ્ય નં.૮૦ (નામ–સરનામું નથી) | અમદાવાદ | નૈનાબેન હીરાલાલ જૈન નં.૧૫૯૩ | મુંબઇ |
| મીનાકુમારી છોટાલાલ જૈન નં.૫૧૫ | લાઠી | સતીષકુમાર જૈન નં.૭૩૫ માળીયા | (હાટી) |
| સુભાષકુમાર વૃજલાલ જૈન નં.૪ | રાજકોટ | ઉપેન્દ્રકુમાર જૈન નં.૭૩૩ માળીયા | (હાટી) |
| નયનાબેન વૃજલાલ જૈન નં.૧ | રાજકોટ | કનકબાળા રતિલાલ જૈન નં.૧૯૭૪ | જોરાવરનગર |
| માયાબેન વૃજલાલ જૈન નં.૩ | રાજકોટ | ભરતકુમાર એચ.જૈન નં. ... | મુંબઈ–૨ |
| ચંદ્રાબેન વૃજલાલ જૈન નં.૨ | રાજકોટ | જયેન્દ્ર શાંતિલાલ જૈન નં.૧૦૦૮ | જામનગર |
| ભારતી તથા અતુલ પી. જૈન નં. ૩૮૪–૫ | સુરત | હરીશ શાંતિલાલ જૈન નં.૧૪૧૦ | જામનગર |
| અરવિંદ જયંતીલાલ જૈન નં.૨૪૬ | ગોંડલ | મહેશ શાંતિલાલ જૈન નં.૧૪૧૧ | જામનગર |
| આશીષ અનંતરાય જૈન | સોનગઢ | ગીરીશ શાંતિલાલ જૈન નં.૧૪૧૨ | જામનગર |

| | | | |
|---|---|---|---|
| મીરાબેન એમ. જૈન નં.૭૪૧ | ઇન્દોર | હંસાબેન જૈન ૧૧૩૫ | મુંબઈ–૯૨ |
| રાજેશ્રી નગીનદાસ જૈન નં. ૫૪૩ | ધ્રાંગધ્રા | રાજુલબેન જૈન ૧૧૩૮ | મુંબઈ–૯૨ |
| દીપકકુમાર જૈન નં.૧૧૭ | દિલ્હી | પારુલબેન વસંતલાલ જૈન ૧૨૫૧ | મુંબઈ–૫૮ |
| ભરતકુમાર છોટાલાલ જૈન નં.૬૪૦ | લાઠી | મુકેશકુમાર અમૃતલાલ જૈન ૧૭૬૫ | વડોદરા |
| શૈલેષકુમાર ધીરજલાલ જૈન નં.૪૫૨ | લાઠી | સુધીર રતિલાલ જૈન નં.૨૮૭ – | — |
| સભ્ય નં.૪૯ (નામ નથી) | ખેડબ્રહ્મા | હસમુખ જે. જૈન ૭૨૦ | મદ્રાસ |
| દેવજી એચ. જૈન | મુંબઈ–૩૪ | પ્રવીણ સી. જૈન ૪૪૫ | અમદાવાદ |
| ધીરજ જૈન | ઉગામેડી | ગુણવંતલાલ અમૃતલાલ જૈન ૨૯ | ખેડબ્રહ્મા |
| અજયકુમાર સુમંતલાલ જૈન નં.૮૧ | અમદાવાદ | મુકેશકુમાર વી.જૈન ૧૮૫ | જેતપુર |
| અશોકકુમાર મણિલાલ જૈન નં.૭૧૬ | — | સતીશકુમાર વૃજલાલ જૈન ૧૨૩ | વાંકાનેર |
| ભરતકુમાર વસંતરાય જૈન નં.૧૩૪૦ | રાજકોટ | હસમુખરાય રમણલાલ જૈન ૬૬૫ | જામનગર |
| દીપકકુમાર વસંતરાય જૈન નં.૧૩૪૧ | રાજકોટ | જ્યોતિબાળા બાબુભાઈ જૈન ૧૭૯૦ | સોનગઢ |
| નયનાબેન જૈન નં.૧૧૪૨ | અંકલેશ્વર | કુસુમબાળા ચંપકલાલ જૈન ૨૪૦ | જુનાગઢ |
| રાજેશ એન.જૈન | મુંબઈ–૯૨ | મુકેશકુમાર ચીમનલાલ જૈન ૨૦૩૯ | જુનાગઢ |
| નિખિલકુમાર પ્રતાપરાય જૈન નં.૯૬૧ | કલકત્તા | કિરણબાળા ચંપકલાલ જૈન ૨૦૩૮ | જુનાગઢ |
| ભરતકુમાર ચંદુલાલ જૈન ૧૭૩૫ | મુંબઈ–૬૭ | ઉષાબેન કે જૈન નં.૧૬૧૧ | વડીયા |

## બાલવિભાગથી અમને લાભ: મહેશચંદ્ર જે જૈન.

(Pre. Uni. Com. મોરબી)

ભાઈશ્રી મહેશચંદ્ર જેવંતલાલ જૈન ધાર્મિક ઉલ્લાસપૂર્વ બાલવિભાગમાં ભાગ લઈ રહ્યા છે. તેમનો નિબંધ અહીં આપેલ છે. આ ઉપરાંત તેમણે કેટલાક ધાર્મિક ઉખાણા પણ મોકલ્યા છે. પહેલી કક્ષાના પાંચ લેખોમાં આ લેખને સ્થાન મળ્યું છે. બાલવિભાગ દ્વારા આત્મજ્ઞાન માટેનો જે ઉત્સાહ મળે છે તે તેમણે આ નિબંધમાં વ્યક્ત કર્યો છે. સભ્ય નં.૧૩૮)

(નિબંધની શરૂઆતમાં રત્નત્રયને યાદ કરીને તેઓ લખે છે–)

બાળકો એ તો કૂમળા છોડ જેવા તેને જેમ વાળીએ તેમ વળે. ભૌતિક સુખસમૃદ્ધિના પંજા નીચે ઉછરી રહેલા આજના બાળકોમાં ધાર્મિક સંસ્કાર માટે પૂરતું ધ્યાન અપાતું નથી, –કે જેની અત્યંત જરૂર છે. બાળકો ભૌતિકસુખ પાછળના ખોટા આનંદનું અનુકરણ ન કરે, ને ભૌતિક સુખસાધનોથી પાર એવા આધ્યાત્મિક સુખના પંથે વળે–તે માટે આત્મધર્મનો બાલવિભાગ આજે હજારો બાળકોને આશીર્વાદ સમાન છે.

બાલવિભાગના મોટા ફાયદા અમારા નાના મુખેથી ગણાવી શકાય તેમ નથી. બાલવિભાગ ન હોત તો, 'અમે બાળક નથી પણ જિનવરના સન્તાન છીએ' એમ અમને

કોણ કહેત? બાલવિભાગ ન હોત તો આ ભૌતિકવાદી વાતાવરણમાં અમારા જેવા અબુધ બાળકો આત્મદર્શનના એકડા કયાંથી ઘૂંટત? ને કોઈ દિવસ સિદ્ધપદની સીડી કયાંથી પ્રાપ્ત કરી શકત!

બાલવિભાગમાં આવતું સાહિત્ય ખરેખર અમને સંત–મહાત્માઓની વાણીનો પરિચય કરાવે છે ને તેમનો સત્સંગ કરાવે છે. અનેક મહાન પવિત્ર મુનિમહારાજોની વાણીનો લાભ, અમને સમજાય તેવી ટૂંકી સાદી ને સરળ શૈલિથી બાલવિભાગ આપે છે.

‘અમે તો જિનવરના સન્તાન’ એવું શીખવનારો બાલવિભાગ, અમને સર્વે સભ્યોને–એટલે કે મહાન ધર્મના વીરસંતાનોને–પરસ્પર વાત્સલ્ય ને આત્મજ્ઞાનની એક પવિત્ર દોરીએ બાંધે છે. બાલવિભાગદ્વારા અમે સૌ એકતાના રંગે એવા રંગાયેલા છીએ કે કયાંય ઝગડો રહેતો નથી. અમારો બધાનો એક જ માર્ગ છે–આત્મજ્ઞાન મેળવવું... આત્મિક આનંદ મેળવવો.

બાલવિભાગ એટલે ખરેખર બાળકો માટેનો, બાળકોદ્વારા ચાલતો આત્મમંથનનો માર્ગ. એમાં આવતી ટચૂકડી કથાઓ ધર્મના ઉત્તમ સંસ્કાર આપે છે. બાળકોના હિત માટે લક્ષ આપીને ઉત્તમ સાહિત્યદ્વારા ધર્મશિક્ષણનો પ્રચાર ખૂબ વધાર્યો છે. આજે નોવેલો અને વર્તમાનપત્રોનું પ્રકાશન ખૂબ વધી રહ્યું છે–પણ એ કુશાસ્ત્રો જેવું સાહિત્ય બાળકોને આધ્યાત્મિક સંસ્કાર જરાય આપી શકતું નથી...ઊલ્ટા વિપરીત સંસ્કાર પાડે છે. ત્યારે આપણા બાલવિભાગદ્વારા પીરસાતું સાહિત્ય વાંચનભિક્ષુ બાળકોને નિર્દોષ આનંદ સાથે મોક્ષમાર્ગની પ્રેરણા આપે છે...એના જીવનને ઉત્તમ આદર્શ તરફ લઇ જાય છે.

બાલવિભાગ એ બાળકોનો જ છે, એનો દરેક સભ્ય એ જાણે મુક્તિસેનાનો સૈનિક છે–એમ દરેક સભ્ય તેને પ્રેમથી ચાહે છે...તેની સેવામાં, તેના વિકાસમાં ઉત્સાહથી સાથ આપે છે...એના સંપાદક પણ બાલવિભાગના સભ્યો પ્રત્યે હાર્દિક પ્રેમથી તેને ખૂબ વિકસાવી રહ્યા છે.....તેથી બધા બાળકો તેને પોતાના ભાઈ સમાન ગણે છે. આ રીતે બાલવિભાગનું એક વિશાળ કુટુમ્બ છે.

આ રીતે, ભૌતિક સંપત્તિને તિલાંજલિ આપતો, ને આધ્યાત્મિક સુખના વાજાં વગાડતો આપણો બાલવિભાગ મહાન ફળદાયી મહાન લાભદાયી છે.

**અમારા આત્મધર્મનો બાલવિભાગ એમાં નથી એકેય ગેરલાભ,**
**એ તો બતાવે વીરપ્રભુનો માર્ગ; જેના લાભ અનંત અપાર,**

–મહેશચંદ્ર જેવંતલાલ જૈન (મોરબી)

# શ્રી ગુરુ નિજપદ બતાવે છે.

## ( લીંબડી શહેરના પ્રવચનમાંથી )

મોહથી અંધ થઈને, પોતાના શુદ્ધચૈતન્યપદને જેઓ ભૂલ્યા છે અને રાગને જ નિજપદ માનીને તેમાં સૂતા છે એવા અજ્ઞાની જીવોને જગાડીને સન્તો તેનું નિજપદ બતાવે છે કે અરે જીવ! તારું પદ તો આ શુદ્ધ જ્ઞાનમય છે; અતીન્દ્રિય આનંદથી તે ભરેલું છે. આવા નિજપદને જાણીને તેનો અનુભવ કરો.

હવે શિષ્ય જિજ્ઞાસુ થઈને પૂછે છે કે પ્રભુ! આપે જેનો અનુભવ કરવાનું કહ્યું તે નિજપદ કયું છે? અહો, પુણ્યથી પણ જે પાર, ચક્રવર્તીપદ ને ઈન્દ્રપદ કરતાં પણ જે મહાન, એવું પદ કેવું છે? એનું સ્વરૂપ શું છે? –આમ જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે.

જુઓ, શિષ્યની ધગશ! પોતાનું શુદ્ધ ચૈતન્યપદ કેમ અનુભવમાં આવે તે જ એક તેને ધગશ છે, તેથી તેની જ વાત પૂછે છે. બીજી પાપ–પુણ્યની વાત નથી પૂછતો; પૈસા કેમ મળે? કે સ્વર્ગ કેમ મળે–એવી વાત નથી પૂછતો, કેમકે એનું માહાત્મ્ય તો ઊડી ગયું છે, એ કોઈ નિજપદ નથી એમ લક્ષમાં લીધું છે. નિજપદ કે જેના અનુભવથી આનંદ થાય–તેની ધગશથી શિષ્ય તેની જ વાત પૂછે છે કે હે ગુરુદેવ! તે પદ કયું છે તે બતાવો. તેના ઉત્તરમાં આચાર્યદેવ આ સમયસારની ૨૦૩ મી ગાથામાં કહે છે કે–

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ( ૨૦૩ )**

હે ભવ્ય! તારું ચૈતન્યપદ સ્થિર એકરૂપ શુદ્ધ છે; તારા શુદ્ધ પદમાં પરદ્રવ્યો કે પરભાવો નથી; તે પરદ્રવ્યો ને પરભાવો તારે માટે અપદ છે–અપદ છે, એમ સમજીને તેમનાથી રહિત એવા તારા શુદ્ધ ચૈતન્યભાવને અનુભવમાં લે...એ જ તારું સ્વપદ છે. રાગાદિ અશુદ્ધભાવોની ભેળસેળ વગરના પરમાર્થરસપણે સ્વાદમાં આવતું જે જ્ઞાનપદ તેને એકને જ તું સ્વાનુભવમાં લે.

શરીરાદિ જડ–મૂર્ત પદાર્થો તો ચૈતન્યભાવથી અત્યંત જુદા છે; તેવી જ રીતે રાગ–દ્વેષાદિ અશુદ્ધ પરભાવો પણ ચૈતન્યભાવથી ભિન્નપણે અનુભવાય છે; તે અશુદ્ધ રાગાદિ

ભાવોને ચૈતન્ય સાથે એકતા નથી. અનાદિથી અજ્ઞાનભાવે જીવે રાગાદિભાવોનો જ અનુભવ કર્યો છે, ને તેની જ વાત પ્રેમથી સાંભળી છે. રાગ વગરનું અતીન્દ્રિયઆનંદમય ચૈતન્યપદ તેને કદી અનુભવમાં લીધું નથી ને અંતરમાં તેની પ્રીતિથી તેની વાત પણ સાંભળી નથી. રાગના પ્રેમને લીધે આનંદને ભૂલીને દુઃખને જ અનુભવતો થકો જીવ ચાર ગતિમાં ભમી રહ્યો છે.

હવે તેનાથી છૂટકારાની ધગશવાળો જીવ પૂછે છે કે પ્રભો! મારું નિજપદ મને બતાવો કે જેના અનુભવથી આનંદ થાય ને આ ભવભ્રમણ છૂટે. આત્માનો સ્વાદ કઈ જાતનો છે! –કે જે સ્વાદ પાસે જગતના બધા સ્વાદો ને રાગનો સ્વાદ પણ બેસ્વાદ લાગે. જે ચૈતન્યસ્વાદ પાસે જગત આખું અપદ લાગે. એટલે બધેથી એકત્વબુદ્ધિ છૂટીને ચૈતન્યપદમાં જ એકતા થાય.

ચૈતન્યપદને અને રાગને એકતા નથી, એટલે રાગસાધનવડે ચૈતન્યપદની પ્રાપ્તિ ન થાય; એ જ રીતે જડદેહને ને ચૈતન્યપદને પણ એકતા નથી, એટલે જડદેહની ક્રિયાવડે ચૈતન્યપદની પ્રાપ્તિ થતી નથી. રાગ અને જડ બંનેનો ચૈતન્યપદમાં અભાવ છે. આવો ચૈતન્યસ્વભાવ છે તે જ નિજપદપણે અનુભવાય છે; તેને હે ભવ્ય! તું સ્વાદમાં લે. જ્ઞાનમાત્ર આવા નિજપદના અનુભવમાં જ તું તૃપ્ત થા.

આ અંકમાં ૨૬ મા પાને જે છ ઊખાણા આપ્યા છે તેના જવાબો અહીં આડાઅવળા લખેલ છે તેમાંથી શોધી લ્યો.

( ) ગણધર; ( ) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર; ( ) ૐ;

( ) માનસ્તંભ; ( ) એકજ; ( ) આત્મજ્ઞાન.

# દસ ઊખાણા

અતુલ અને ભારતીબેને (સ.નં. ૩૮૪–૩૮૫) સુરતથી ગુરુદેવ પ્રત્યે પુષ્પાંજલિ ૫ ૭૯ પ્રશ્નોત્તર; જોડકણાં ને ઊખાણાં; એકથી સો સુધીના ધાર્મિક આંક, તથા કક્કો– એમ વિપુલ સાહિત્ય મોકલ્યું છે. (બાળકો પોતાના વડીલો પાસેથી શીખીને કે તેમને પૂછીને લખે એ સારી વાત છે, પણ લખાણ તો પોતાના જ હાથે લખીને મોકલે તો તેમને વિશેષ ઉત્સાહ અને વિશેષ લાભ થાય.

(ઊખાણામાં જોડણીદોષ ચલાવી લેવામાં આવ્યા છે.)

(૧) અક્ષર સાડાપાંચ છે, પ્રસિદ્ધ ભારતમાંય, ત્રીજે–બીજે ઈષ્ટદેવ, એક–બેથી સંભળાય. છેલ્લો–બીજો જળમાં વસે છે, ભારતના છે સન્ત. એનું કહ્યું જો ઓળખશો તો પામશો ભવનો અન્ત.

(૨) પહેલ–બીજે હેમ છે, ચાર અક્ષરનું ધામ; ત્રીજો–ચોથો દૂર્ગ છે, કહોજી કયું તે ગામ?

(૩) પ્રગટી વાણી વીરની, પંચાક્ષરી એ તીર્થ; ગૌતમ જ્યાં ગણધર થયા, કહોજી કયું એ ધામ?

(૪) ઘાતકર્મનો ક્ષય કરી, પ્રગટયું જ્ઞાન અનંત; દેહ છતાં પરમાતમા...કહોજી કયા તે ભગવંત?

(૫) ઉપયોગ લક્ષણ જેહનું, જાણે સૌને જેહ; પણ ઈન્દ્રિથી જણાય ના, ઓળખી કાઢો તેહ?

(૬) સત્સંગના સેવન થકી જેની પ્રાપ્તિ થાય, એની પ્રાપ્તિ થયા પછી જરૂર મુક્તિ થાય. એની પ્રાપ્તિ થતાં અહો! આનંદ ઉરમાં ન માય. જો શોધી કાઢો એહને તો તમને છે ધન્યવાદ.

(૭) જીવને જીવ જાણ્યો નહિ, ગણ્યું શરીરને જીવ; જેથી બહુ દુઃખી થયો, કહો કઈ એ ભૂલ? દુશ્મન છઠ્ઠા ઉત્તરનો, જગતમાં એ દૂષ્ટ, એને જો હણી નાખશો તો થશો અહિંસક શૂર

(૮) જો આત્માને જાણશું, થઇશું એમાં લીન; તો એનું ફળ શું પામશું? એનો કરો વિચાર.

(૯) આત્માને નહિ જાણશો, કરશો કદી પુણ્યરાગ; એનું ફળ શું પામશો? કરજો જરા વિચાર.

(૧૦) સૌથી મોટા દેવ છે, વિચરે અવનિમાંય, ભરતમાં આવે નહિ છતાં કર્યો પરમ ઉપકાર. ભક્ત એનો ભરતે વસે, સાંભળી એની વાણ. બયાનામાં બિરાજતા કહો કયા એ ભગવાન?

(આવેલા ઊખાણાને આધારે આ દશ ઊખાણા લખ્યા છે; તેના ઉત્તર આ અંકમાં અન્યત્ર છે.)

**સાધકજીવો કહે છે-**

**અમે ભગવાનના માર્ગમાં ભળ્યા છીએ,**
**અમે ભગવાનના ખોળે બેઠા છીએ.**

## બાલવિભાગથી અમને લાભ

નૈનાબેન વૃજલાલ જૈન
સભ્ય નં. ૧ રાજકોટ

(રાજકોટના સ. નં. ૧–૨–૩–૪ નૈનાબેન, ચંદ્રાબેન, માયાબેન અને સુભાષભાઈએ ચારે સભ્યો પણ ઉત્સાહથી બાલવિભાગમાં ભાગ લ્યે છે. ચારેના લખાણનો સંયુક્ત સાર અહીં આપ્યો છે. પ્રથમ કક્ષાના પાંચ લેખોમાં આ લેખને સ્થાન મળે છે. આ ઉપરાંત તેમણે કોયડા, ધાર્મિક કક્કો, અને આંક પણ લખી મોકલ્યા છે. માયાબેને તો ભાવભીના ચિત્રો પણ મોકલ્યા છે–જેમાં જૈનધ્વજ; મુનિરાજને વંદના; માનસ્થંભ; સમ્યકત્વરૂપી બીજ અને કેવળજ્ઞાનરૂપી પૂર્ણચંદ્ર શુદ્ધાત્મારૂપી સોય ને સમ્યગ્દર્શનરૂપી દોરો; ચૈતન્યસૂર્ય, તથા રંગોળી છે. ભાઈ–બેનોને ઉત્સાહ બદલ ધન્યવાદ!)

બાલવિભાગથી અમને ઘણો જ લાભ થાય છે. પહેલા આત્મધર્મ વાંચતા નહોતા, હવે તે વાંચતા થયા. અને બાલવિભાગમાં આવેલા પ્રશ્નોના જવાબ શોધવા માટે અમે બીજા શાસ્ત્રો પણ વાંચવા લાગ્યા. ધર્મમાં રસ લેતા થયા. અમારા વિચારો બદલાઈ ગયા. અમને ફરવાનો, ખાવાનો, પીકચર જોવાનો અને પ્રવાસે જવાનો શોખ હતો તેને બદલે હવે અમને દરરોજ જિનમંદિરે જવાનો, પ્રવચન સુણવાનો અને શાસ્ત્ર વાંચવાનો શોખ થાય છે. જિનમંદિરમાં મુનિ ભગવંતોના, વૈરાગી રાજકુમારોના તેમજ સતી ધર્માત્માઓનાં વૈરાગ્યવંત ચિત્રો જોઈને અમને ઘણો આનંદ થાય છે. મંદિરમાં આવા અનેક ચિત્રો છે અને પ્રવાસને બદલે હવે અમને ગુરુદેવની સાથે સાથે વારંવાર જાત્રા કરવાનો ભાવ જાગે છે.

હું કોણ છું તેની મને ખબર ન હતી; હું પોતે જ ભગવાન જેવો આત્મા છું, માટે અમે પ્રભુ થવા માટે પુરુષાર્થ કરીએ છીએ. અમારા ફિલ્મ જોવાની ટેવ વગેરે કુસંસ્કારો નાશ પામ્યા ને ધર્મના ઉત્તમ સંસ્કારો આવ્યા. સાધર્મી ભાઈ–બેનોને કુટુંબીજનો જેવા જ માનવા લાગ્યા, બાલવિભાગના બધા સભ્યો અમને અમારા ભાઈબેન જેવા જ લાગે છે. બાલવિભાગને લીધે તો જાણે અમને સર્વાંગીય કેળવણી મળતી હોય એવું લાગે છે. બાલવિભાગને લીધે અમારી બુદ્ધિનો વિકાસ થયો. અમારા જ્ઞાનમાં વધારો થયો, વાંચવાની ટેવ પડી, અને ધર્મમાં રસપૂર્વક ભાગ લેતા થયા. સુખ અમારા આત્મામાં છે તેની અમને ખબર પડી. ધર્મ કોને કહેવો? કેવી રીતે થાય? કયાં થાય? તેની અમને ખબર નહોતી તે હવે બાલવિભાગને લીધે ખબર પડી. અને ધર્મ કરવાથી કેવું સુખ પ્રગટે તેની ખબર પડી. બાલવિભાગ તો અમારા માટે આશીર્વાદરૂપ બન્યો છે.

## આપણા બંધુઓ લખે છે-

➢ ચંદ્રાબેન ( સભ્ય નં. ૨ ) તથા માયાબેન ( સભ્ય નં. ૩ ) લખે છે કે–

અમે શરીરને જ આત્મા માનતા તે ભૂલ ભાંગી ગઈ.

અમે પુણ્યને ધર્મ માનતા તે માન્યતા છૂટી ગઈ.

અમે જીવ અને અજીવના પરિણમનને સ્વતંત્ર જાણ્યું.

અમે જિનેન્દ્રદેવના દર્શન કરવા લાગ્યા ને રાત્રીભોજન છોડયું.

અમે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો ને સીનેમા જોવું બંધ કર્યું.

➢ જામનગરથી સભ્ય નં.૧૦૦૮ તથા ૧૪૧૨–૧૩–૧૪ લખે છે કે ‘દર્શનકથા’ પુસ્તક ભેટ મળ્યું તે અમે બધાએ વાંચ્યું; વાંચીને ખૂબ જ આનંદ થયો. પંચ પરમેષ્ઠીના દર્શનનો કેટલો મહિમા છે તે વાંચીને અમે પણ કાયમ દર્શન કરવા જવાનો નિશ્ચય કર્યો છે. ( ધન્યવાદ ! )

➢ અમદાવાદથી ધીરજલાલ એમ. જૈન લખે છે કે–અહીં બાલવિભાગના સભ્ય પ્રવીણચંદ્રભાઈ છે તેમની પાસેથી આત્મધર્મ લાવીને વાંચ્યું હતું; મને તેમાં ખૂબ રસ પડયો, અને મને લાગ્યું કે આત્માનું જ કરવા જેવું છે. તો આજથી બાલવિભાગમાં જોડાવાની મારી ઇચ્છા છે.

➢ રાજકોટથી નવા સભ્યો લખે છે કે–બાલવિભાગ અમને ઘરના સર્વેને તત્ત્વજ્ઞાન જાણવા માટે ખૂબ જ ઉત્સાહ આપે છે. તેના ભાવો કોયડાઓ ટૂચકા પ્રશ્નોત્તર વગેરેથી તત્ત્વની ગંભીરતા જાણવા તથા સમજવા માટે ખૂબ તાલાવેલી થાય છે. આત્મધર્મ આવતાં સૌ પ્રથમ તે વિભાગ ઉપર નજર પડે છે. બાલવિભાગ નાના–મોટા સૌને જ્ઞાન સાથે આનંદ આપે છે. બાલવિભાગ શરૂ કરવા માટે અભિનંદન ! અમે સભ્ય થવામાં મોડા પડયા તે બદલ દુઃખ થાય છે. **લી. રાજેન્દ્ર જૈન F.Y.B. Sc.**

| | |
|---|---|
| **ઠામઠામ જઈને કાં પૂછે છે ?**<br>**કોઇ આત્માનુભવી સંતને પૂછ.** | બહેરા કોણ ?<br>જે હિતકારીવચનો ન સાંભળે તે. |




- લાઠી શહેરના ભાઈશ્રી દીનુભાઈ વીરચંદ ભાયાણી ચૈત્ર સુદ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તેઓ પગે અપંગ હોવા છતાં ઉત્સાહી અને સાહિત્ય–પ્રેમી હતા. બાલ સાહિત્યનો તેમને વિશેષ પ્રેમ હતો ને આત્મધર્મ–બાલવિભાગ માટે તો તેમને ખૂબ લાગણી હતી. તેમની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી. ગુરુદેવ ફાગણ માસમાં લાઠી પધાર્યા ત્યારે પણ તેમણે પ્રવચનાદિનો લાભ લીધો હતો.

- ખંડવાના ભાઇશ્રી હુકમચંદજી (–સોનગઢના બ્ર. સુબોધબેનના પિતાજી) તા.૮–૪–૬૮ ના રોજ ખંડવા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે; ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો ને છેલ્લે સુધી દેવ–ગુરુનું સ્મરણ કરતા હતા.

- વઢવાણના ભાઈશ્રી હરિલાલ રાયચંદ કોઠારી ચૈત્ર સુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વગેરે સોનગઢસંસ્થામાં તેમણે મુનિમજી તરીકે લગભગ પચીસ વર્ષ સુધી સેવાઓ આપી હતી. ને પછી નિવૃત્તિ લઈને તેઓ વઢવાણ ગયેલા. વઢવાણ મુમુક્ષુમંડળના તેઓ સભ્ય હતા.

■ સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસનાવડે આત્મહિત પામો.

- –પં. શ્રી અજિતકુમારજી શાસ્ત્રી (जैनगझट' ના સંપાદક) તા.૨૦–૫–૬૮ ના રોજ સવારમાં પાંચ વાગે મહાવીરજીમાં છત ઉપરથી અકસ્માત પડી જવાથી સ્વર્ગવાસ પામી ગયા. ગત સાલ ગુરુદેવ જયપુરથી મહાવીરજી પધાર્યા ત્યારે ગુરુદેવની પ્રતિભાથી તથા સૌજન્યભરી વાતચીતથી તેઓ પ્રભાવિત થયા હતા. પત્રકાર તરીકે આત્મધર્મના સંપાદકો સાથેની વાતચીતથી પણ તેઓ પ્રસન્ન થયા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસનાવડે તેઓ આત્મહિત પામો.

આ અંકમાં ૩૩ મા પાને આપે ૧૦ ઊખાણાના જવાબ અહીં આડાઅવળા લખ્યા છે તેમાંથી મેળવી લેશોજી— ( ) સોનગઢ ( ) કાનજીસ્વામી (૨) વિપુલાચલ ( ) આત્મા ( ) અરિહંત ( ) સમ્યકત્વ ( ) મિથ્યાત્વ ( ) મોક્ષ ( ) સંસાર ( ) સીમંધર ભગવાન.

# ઈનામ

બાલવિભાગની ઈનામી યોજનામાં આવેલ લેખોમાંથી ઉત્તમકક્ષાના પંદર લેખોને ઇન્ડીપેન–બોલપેનનો સુંદર સેટ ઈનામ તરીકે (રજીસ્ટર પોસ્ટથી મોકલવામાં આવશે. તે પંદર લેખકના નામો આગામી અંકમાં જાહેર થશે, તથા બાકીના બધા જ લેખ–ચિત્ર વગેરે મોકલનારા સભ્યોને ઈનામ તરીકે પુસ્તકો તથા ફોટો (કુલ લગભગ અઢી રૂપિયાની કિંમતના) પોસ્ટથી મોકલવામાં આવશે.

આવેલા લેખોમાંથી કેટલાક આ અંકમાં આપ્યા છે, બીજા લેખોનું અવલોકન આગામી અંકમાં આપીશું.

ઈનામો તા.૧૦ જુન સુધીમાં રવાના થઈ જશે. યોજનામાં ભાગ લેનાર સૌને ધન્યવાદ! હવે પછીની યોજનામાં આથી વધુ ઉત્સાહથી ભાગ લેજો.

૧૫ સભ્યોને ઈન્ડીપેન–બોલપેનના સેટ ભેટ આપવા માટે રૂા.૫૧ સ્વ. રીટાબેનની સ્મૃતિમાં તથા રૂા.૫૧ ભાઈશ્રી રજનીકાન્ત મગનલાલ મહેતા તરફથી મના ચિ.હર્ષિલના જન્મદિવસ પ્રસંગે આવેલા છે. બીજા ઈનામો બાલવિભાગ તરફથી આપવામાં આવ્યા છે.

# જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વવહારો

(છહઢાળા)

આ મોક્ષમાર્ગ–પર્યાયની વાત છે.

નિશ્ચયમોક્ષમાર્ગરૂપ જે નિર્મળપર્યાય તે સત્યારથ છે, તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે : એટલે કે વ્યવહાર તે સત્યાર્થ નથી; સત્યાર્થ નથી એટલે ઉપચાર છે–અસત્યાર્થ છે. રાગાદિને વ્યવહાર કારણ કહ્યું હોય તો તે ઉપચાર છે, તે સત્યાર્થ કારણ નથી. સત્યાર્થ મોક્ષમાર્ગ તો એક નિશ્ચય (શુદ્ધ પર્યાય) જ છે.

રાગાદિ ઉપચાર કારણને જ્ઞાની પોતાના શુદ્ધસ્વરૂપમાં ભેળવતા નથી. જો ભેળસેળ કરીને બંનેને સરખા માને, (બંનેને સત્ય માને) તો તેને સાચા–સત્યાર્થ–નિશ્ચય મોક્ષમાર્ગની ખબર નથી. માટે એમ સમજવું કે જે નિશ્ચય છે તે જ સત્યાર્થ છે. વ્યવહાર છે તે સત્યાર્થ નથી પણ માત્ર ઉપચાર છે–ઉપાધિ છે. તે ઉપાધિને અસલી સ્વભાવ ન કહેવાય.

# જીવ અને શરીરની ભિન્નતા
## શરીર તમે છો ? -ના....ના....ના

જીવ અને શરીર બંને વસ્તુ તદ્ન જુદી હોવા છતાં મોહથી જીવ એમ માને છે કે શરીર હું છું.

હવે જેવું આ શરીર છે, એવા જ રંગ–રૂપ–આકારવાળું પત્થરનું પૂતળું કોઈ બનાવે તો તેને દેખીને ‘આ હું છું’ એમ કોઈ માનતું નથી; પણ સમજે છે કે આ તો કારીગરે બનાવેલું પત્થરનું પૂતળું છે, તે હું નથી. તો પછી આ શરીર પણ, પરમાણુરૂપી કારીગરોએ બનાવેલું પત્થરનું પૂતળું જ છે, –પત્થરની જ જાતનું પરમાણુનું બનેલું છે, તેને દેખીને ‘આ હું છું’ એમ કોણ માને ? શરીર તો જડનું બનેલું ઢીંગલું છે. તે શરીર હું નથી, હું તો ચેતનરૂપ જીવ છું. શરીર અને જીવની આવી ભિન્નતા સમજવી તે જૈનધર્મનો પહેલો પાઠ છે.

## ચૈતન્યઅનુવિધાયિ પરિણામ તે ઉપયોગ

‘ઉપયોગ’ ને ‘ચૈતન્યઅનુવિધાયી પરિણામ’ કહેલ છે, એટલે કે તે ચૈતન્યને અનુસરનાર છે, પરને અનુસાર નથી.

પરથી જ્ઞાન થાય એમ જે માને તેણે ઉપયોગને ચૈતન્યઅનુસારી ન માન્યો પણ જડઅનુસારી માન્યો; જડ અનુસારી પરિણામ તો જડ હોય, તેથી તેણે ઉપયોગને જડ સાથે એકમેક માન્યો. ઉપયોગ તો ચૈતન્યને જ અનુસરનારો છે. જડથી તો તે તદ્ન ભિન્ન છે. આમ જડ અને ઉપયોગની અત્યંત જુદાઈ જાણવી જોઈએ.

**ઉપયોગ જડને ( ચશ્મા વગેરેને ) અનુસરનારો નથી.**
**ઉપયોગ રાગને પણ અનુસરનારો નથી.**
**ઉપયોગ તો ચૈતન્યસ્વભાવને અનુસરનારો છે.**

એટલે જડથી ને રાગથી વિમુખ થઈને, પોતાના ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને જે ઉપયોગ પ્રગટયો તે આત્માનું ખરૂં કાર્ય છે, ને તે ઉપયોગ આનંદના અનુભવ સહિત છે.

**કેવળજ્ઞાન તે ચૈતન્યઅનુવિધાયિ પરિણામ છે.**
**અવધિ-મનઃપર્યય તે ચૈતન્ય અનુવિધાયિ પરિણામ છે.**
**મતિ-શ્રુતજ્ઞાન તે પણ ચૈતન્યઅનુવિધાયિ પરિણામ છે.**

# શુદ્ધ જ્ઞાન પ્રકાશ વડે મોક્ષનું મંગલ

શ્રુતપંચમીના પવિત્ર દિવસે સોનગઢમાં પૂ. બેનશ્રી ચંપાબેનના વડીલબંધુ ભાઈશ્રી વૃજલાલભાઈ જે. શાહ તથા પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના નવા મકાન ''ગુરુ–તેજ'' ના વાસ્તુ પ્રસંગે મોક્ષઅધિકારના મંગલ શ્લોક ઉપર પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી.

સીમંધર ભગવાને અને મહાવીર ભગવાને કેવળજ્ઞાનચતુષ્ટય વડે કર્મશત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે; અહીં પણ મોક્ષઅધિકારના મંગળમાં કહે છે કે परं पूर्ण ज्ञानं......विजयते– પરમઆનંદથી ભરેલું એવું પરમ પૂર્ણ જ્ઞાન ઉદય પામ્યું તે અનંત–કાળ સુધી વિજયવંત વર્તે છે. આવું જ્ઞાન તે મંગળ છે.

આજે શ્રુતપંચમીનો પવિત્ર દિવસ છે. ભગવાન મહાવીરપ્રભુનો જે ઉપદેશ ગૌતમગણધરદેવે શાસ્ત્રરૂપે ગૂંથ્યો, તેનો અંશ પરંપરાથી ધરસેન સ્વામીને પ્રાપ્ત થયો હતો; તેઓ ગીરનારમાં રહેતા હતા. તેમણે તે શ્રુતજ્ઞાન પુષ્પદંત–ભૂતબલિ મુનિવરોને આપ્યું; અને તેમણે તે ષટ્ખંડાગમરૂપે ગૂંથ્યું. તેનો મોટો ઉત્સવ આજના દિવસે અંકલેશ્વરમાં થયો હતો. એ રીતે તીર્થંકર ભગવાનની વાણી સાથે સંધિનો આજનો મહાન દિવસ છે.

ધરસેન સ્વામી પહેલા થયા ને પછી કુંદકુંદ સ્વામી થયા; તેમણે પણ ભગવાનની વાણી સાક્ષાત્ ઝીલીને સમયસારાદિ અધ્યાત્મશાસ્ત્રો રચ્યા. પોન્નૂર ધામ ઉપર તે રચના કરી હતી, –અને તેની નજીકમાં ધવલગિરિ છે ત્યાં ધવલાટીકા વીરસેનાચાર્યે રચી હતી– એમ પ્રસિદ્ધ છે. અહો, એ દિગંબર સન્તો તો વીતરાગ હતા. એક જરાક સંજ્વલનરાગ બાકી હતો, તે કાઢી નાંખો તો ભગવાનમાં ને તેમનામાં કાંઇ ફેર નથી.

ભગવાન મહાવીરનો ઉપદેશ ઝીલીને ગૌતમસ્વામી ભાવશ્રુતરૂપ પરિણમ્યા, તેથી ધવલમાં કહ્યું છે કે ભગવાને ગૌતમ ગણધરને ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો, એ ભાવશ્રુતમાં શુદ્ધાત્માનું સ્વરૂપ કહ્યું છે.

આત્માનું જ્ઞાન જે ઢંકાયેલું હતું તે હવે उन्मज्जत् એટલે ઊછળીને પ્રગટ થયું, સાથે પરમ આનંદને લેતું પ્રગટ થયું. અતીન્દ્રિય આનંદથી ભરેલું જ્ઞાન પોતે પોતાને સ્વાનુભવ–પ્રત્યક્ષ થાય છે. મતિ–શ્રુતજ્ઞાન પણ સ્વસંવેદન વખતે અતીન્દ્રિય થયા છે. –પ્રત્યક્ષ છે. ચોથા ગુણસ્થાનના મતિશ્રુતજ્ઞાનમાં પણ અંશે પ્રત્યક્ષપણું થાય છે.

आद्येपरोक्षं કહ્યું છે તેમાં આટલો અપવાદ ભેગો જ છે એમ સમજી લેવું. અહો, જે કેવળજ્ઞાન પ્રગટયું તે અનંતકાળ રહેશે, તેનો ઉદય મહાન મંગળરૂપ છે. તે સહજ પરમઆનંદથી ભરેલું છે. અતીન્દ્રિયઆનંદનો ભંડાર આત્મા પોતે પૂર્ણ આનંદરૂપે પરિણમી ગયો. –તે આનંદ સહજ છે. તે આનંદરૂપી રસથી ભરેલું હોવાથી જ્ઞાન સ–રસ છે. અરસ આત્મા જડના રસથી રહિત છે. પણ સરસ અત્મા નિજાનંદના રસથી ભરપૂર છે. આવો અરસ–સરસ આત્મા છે. જ્ઞાન તેનું સ્વરૂપ છે, ને પુદ્ગલનું રૂપ તેનામાં નથી તેથી અરૂપ–સ્વરૂપ આત્મા છે. આવા કેવળજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા તે મંગળરૂપે છે.

ચૈતન્યતેજથી ભરેલો આત્મા શરીર વગર પરમઆનંદથી ભરેલો છે. અહો! કેવળજ્ઞાનપ્રકાશ–ચૈતન્યતેજ, તે પૂર્ણઆનંદ સહિત પ્રગટે છે; તે આત્માને મોક્ષ પમાડે છે. તે જગતમાં ઉત્કૃષ્ટ તેજ–પ્રકાશ છે. આવા આત્માની પ્રતીત કરતાં સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા મોક્ષના મારગમાં કેલિ કરે છે. મોક્ષ પરમ આનંદરૂપ છે, ને તે મોક્ષમાર્ગ સાધનારા સમકિતી ધર્માત્મા તે પણ મોક્ષમાર્ગમાં આનંદની કેલી કરે છે. અહો, તે જગતમાં જિનેશ્વરદેવના લઘુનંદન છે; જગતથી ઉદાસ છે ને ભગવાનના દાસ છે. જઘન્ય (નાનામાં નાના) અંતરાત્મા પણ શિવમગચારી છે, મોક્ષના સાધક છે. ને તેના ફળમાં પૂર્ણ ઉત્કૃષ્ટ પરિણમન થતાં કેવળજ્ઞાન ને પૂર્ણઆનંદ થાય છે. ઉત્કૃષ્ટ થયું એટલે પહેલાં જઘન્ય તો હતું–એમ તેમાં આવી જાય છે. ચોથા ગુણસ્થાનથી જ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો અંશ શરૂ થઈ ગયો છે, મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. સમ્યકત્વરૂપી બીજ ઊગી તે પૂર્ણિમા હોગી હી હોગી. અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાના કોલકરાર સમ્યગ્દ્રષ્ટિને થઈ ગયા છે.

સમ્યગ્દ્રષ્ટિને કેવી પ્રતીતિ હોય છે? ‘સર્વે બંધભાવો હેય છે ને શુદ્ધજીવ ઉપાદેય છે.’ આમ ભેદજ્ઞાન વડે બંધ અને આત્માને અત્યંત ભિન્ન જાણીને શુદ્ધાત્માને પ્રતીતમાં લ્યે છે. સમસ્ત બંધભાવોથી આત્માને જાુદો કરવો છે, તો તેનું સાધન બંધભાવ કેમ હોય? શુભવિકલ્પ પણ બંધભાવ છે, તે ભેદજ્ઞાનનું સાધન નથી. અશુદ્ધતા તો શુદ્ધતાનું સાધન થાય નહિ. શુદ્ધજીવસ્વરૂપ તરફ જ્ઞાન ઢળ્યું ત્યાં સર્વ બંધભાવોથી તે છૂટું પડયું. –આવું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે, આનંદના વેદન સહિત આવું જ્ઞાન પ્રગટયું ત્યારે મોક્ષનું ઉદ્ઘાટન થયું ભેદજ્ઞાનરૂપી કરવતના નિરંતર અભ્યાસથી એટલે કે સ્વાનુભવનો નિરંતર અભ્યાસ કરવાથી બંધને છેદીને આત્મા મુક્ત થાય છે. –તે મંગળરૂપ વિજયવંત છે.

પ્રવચન પછી શ્રુતપંચમી નિમિત્તે શ્રુતપૂજન પણ ભાઇશ્રી વૃજલાલભાઇના નવા મકાન (ગુરુ–તેજ) માં જ થયું હતું.)

# આત્મકાર્યની પ્રેરણા

ગુરુદેવ વારંવાર કહે છે કે અરે જીવ! તું મહિમા તારા સ્વભાવનો કર.

ચાર ગતિના શરીરને ધારણ કરવા તે તો શરમ છે. અશરીરી આત્મામાં ઉપયોગ જોડીને, તેને સ્વવિષય બનાવીને તેમાં ઠર....તો આ શરમજનક જન્મો છૂટે...ને આનંદજનક સિદ્ધપદ પ્રગટે.

નિજસ્વરૂપની પ્રાપ્તિ તે આત્માર્થીનો મનોરથ છે. પોતાના સ્વરૂપ વગર એક ક્ષણ પણ આત્માર્થીને ગમે નહિ. આત્મપ્રાપ્તિ વગરનું જીવન આત્માર્થી કેમ જીવી શકે?

નિજસ્વરૂપના અંતરંગ પ્રયાસથી સમ્યકત્વ અત્યંત સુગમ હોવા છતાં જીવે આટલા બધા કાળ સુધી તે કાર્ય કેમ ન કર્યું? –એનો પણ ખેદ છોડીને હવે પ્રસન્નતાથી ને ઉત્સાહથી જીવે તે કાર્ય તત્કાળ सद्य एव કરવા જેવું છે. –જાણે અત્યારે જ ધ્યાનમાં બેસીને સ્વાનુભવ કરીએ.

સાધકસન્તો આપણને સદાય કેટલી આત્માની પ્રેરણા આપી રહ્યાં છે! જાણે સમ્યકત્વ જ સાક્ષાત્ આપી રહ્યા છે. એમના જીવનનું સૂક્ષ્મતાથી અવલોકન કરતાં પણ સમ્યકત્વ થઈ જાય–એવા સંતો આપણી સમક્ષ બિરાજીને સદાય આપણા ઉપર મહાન કૃપા કરી રહ્યા છે. એ કૃપાના પ્રતાપે આપણે આપણું સ્વાનુભવકાર્ય સાધી લેવાનું છે. અત્યારે તો દુનિયામાં બીજું બધુંય ભૂલી જઈને જીવનમાં આ એક જ આત્મકાર્યમાં બધી શક્તિ લગાવવાની છે.

ભોગભૂમિમાં ભગવાન ૠષભદેવના આત્માને સમ્યકત્વ પમાડનારા શ્રી પ્રીતિંકર મુનિરાજના શબ્દોમાં કહીએ તો–



# આજના સંસ્કારી બાળકો

'शुद्धोसि बुद्धोसि' નાં હાલરડાંની વાત આવે છે, તેમ આજે અધ્યાત્મ–વાતાવરણમાં ઊછરતા છ–આઠ વર્ષના નાના બાળકો પણ ગીત ગાય છે કે–

હું છું આત્મા....પરમાત્મા.....
હું તો આનંદનું આનંદનું આનંદનું ધામ...
-હું છું આતમા.
કોણ કહે હું શરીરવાસી ?
ના...ના...ના...
હું તો સિદ્ધસ્વરૂપી ચેતનરૂપી,
હા...હા...હા...
હું છું આત્મા...

નાના બાળકને મોઢે જ્યારે આવા ગીત સાંભળીએ છીએ ત્યારે હૃદય પુલકિત બને છે અને ઘરઘરના બાળકોમાં આવું વાતાવરણ પ્રસરે એવી ઉત્કંઠા જાગે છે.

એક તરફ દુન્યવી વાતાવરણમાં ઊછરતા બાળકો 'જપાનની ગુડીયા અને બોલ રાધા બોલ' –જેવા સભ્યતાહીન ગીતો રસ્તામાં બબડતા હોય છે ત્યારે બીજી તરફ બાલવિભાગના સભ્યો ઘરે ઘરે 'આત્મા ...પરમાત્મા' ના અધ્યાત્મગીતોનું ગૂંજન કરે છે. –આટલું મહાન યુગપરિવર્તન ગુરુદેવના પ્રતાપે થઈ રહ્યું છે. આપના બાળકોની કુસંસ્કારથી રક્ષા કરવા, ને તેનામાં ઉત્તમ ધર્મસંસ્કારો સીંચવા તેને આત્મધર્મ વંચાવો ને બાલવિભાગના સભ્ય બનાવો.

**સભ્ય બનવા માટે :-**

પૂરું નામ : સરનામું : ગામ : અભ્યાસ, ઉમર અને જન્મદિવસ નીચેના સરનામે લખી મોકલો....એટલે આપને ઘેર બેઠાં સભ્યપત્રક મળી જશે. ( કાંઈ ફી નથી )

સંપાદક : **આત્મધર્મ બાલવિભાગ**
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( પ્રત : ૨૫૦૦ )